વર્ણાશ્રમ વિવેક

—તથા—

સ્પૃશ્યાસ્પૃશ્ય રહસ્ય.

સનાતન ધર્મના અનુયાયીઓને તેમજ વિરોધીઓને
એ ધર્મમાં રહેલા ઉપરોક્ત વિષયના તત્વને સમજી
સમાધાન પ્રાપ્ત કરવામાં અતિ ઉપયોગી નિબંધ.

લેખક:—
સનાતન ધર્મ રત્ન રામચંદ્ર અધ્વર્યુ બારડોલીકર

છપાવી પ્રસિદ્ધ કરનાર:—
મંજીલાલ શીવલાલ મહેતા,
બારડોલી.

કીમત ૦-૮-૦

छपाय छे. **गदामर्दी** लगभग तैयार छे

—: अथवा :—

वैद्य चक्षु

प्रचलित खनीज, प्राणीज, अने वनस्पतीज सर्व आयुर्वेदिक औषधिओनो तेना संस्कृत, हिंदी, अंग्रेजी, लेटीन अने ग्राम्य नामो साथेनो ककावारी कोश. उपरान्त दरेक रोगनी क्रमवार शास्त्रीय तेमज घरगतु चिकित्सा (उपाय) नो संग्रह. टुंकमां आरोग्यरक्षा तेमज सारवार संबंधी वैद्योने तथा गृहस्थ मात्रने जाणवा योग्य सर्व माहिती दृष्टि मात्रथी थाय एवी रचनानो आ ग्रन्थ सर्वने आशिर्वादरुप छे. वैद्यानी घणा समयनी खोट एथी पुरी पडे छे. हंमेशां गजवामां (जेबमां) राखी शकाय छे. देशना सर्व विभागमां सारी रीते उपयोगी थाय ए हेतुथी छपाइ देवनागरी (बाळबोध) मां राखवामां आवी छे. अत्यार सुधीना छपायला सर्व ग्रन्थोमां आ ग्रन्थ अपूर्व छे. संक्षिप्तमां पण वैद्यकीय सर्व विषयोनो एमां समावेश छे. जलदी ग्राहक थवा भलामण छे. १६ पेजी १५० पृष्ट किंमत अगाउथी ग्राहक थनारने तथा "विनिमय अने साधना" मासिकना ग्राहकने रु. १-०-० पो. अलग. पाछळथी मंगावनारने सिल्लक हशे तो रु. १-८-० ,, ,,

लखोः— व्यवस्थापक "विनिमय तंत्रालय"

बारडोली (बी. बी. रेल्वे)

ॐ तत्सत्

વર્ણાશ્રમ ધર્મ અને સ્પૃશ્યાસ્પૃશ્યના સનાતન વિચાર સાથે કેટલાક આધુનિક સુધારકો વિરોધ દર્શાવે છે. કાળને એ ભલે રૂચતું હોય, પરંતુ સનાતન ધર્મના ઉપરોક્ત સંપ્રદાયમાં આધ્યાત્મિક, દૈવિક અને વૈજ્ઞાનિક એવાં ગૂઢ તત્વોજ સમાયાં છે અને જીવ માત્રની ઉત્તરોત્તર ઉન્નતિના માર્ગે એ નૈસર્ગિક શ્રેણી રૂપેજ પ્રકાશે છે એ અતિ ઉપકારી રહસ્યનું નિર્દેશન કરાવવાના કેવળ પારમાર્થિક આશયથીજ આ લઘુ લેખ લખવામાં આવ્યો છે.

અજ્ઞાન અને તૃષ્ણાના આંધળા વેગમાં " દુઃખે પેટમાં ને કુટે માથુ " એવું અનુચિત કર્મ વિચારકો છોડે તથા દેશની હાની માત્ર વર્ણાશ્રમ ધર્મથી થઇ છે એવુ મૂર્ખતા ભર્યું નિદાન છોડી આત્મ-અવગણના, પરસ્પૃહા અને વિપર્યયના દોષથી બચે તથા વ્યવસ્થામાં અવ્યવસ્થા ઉપજાવી પરિણામે પશ્ચાત્તાપ વ્હોરવાનો પ્રસંગ ન લાવે એ પણ આ લેખનો ઉદ્દેશ છે સુધારકો પોતાના અભિપ્રાયમાં ઉતાવળા છે. મોડું વ્હેલું એ સમજાશે પરંતુ પાણી વહી ગયા પછી પાળ બાંધવાનું દુષ્કર થશે એ વિચારી લેખમાં ટાંકેલા હેતુઓને યથાર્થ સમજી સુધારો કરવા આદરે તો ધર્મહાનીનો સંભવ ઓછો થશે લેખના ગર્ભમાં રહેલા કોઇપણ પ્રશ્નનું એથી વિશેષ સ્પષ્ટ નિરાકરણ માગવા જેની ઇચ્છા હશે તેનું પ્રસંગ મળે લેખક તરફથી યથાશક્તિ સમાધાન કરવામાં આવશે. લેખમાં બતાવેલા પ્રમાણોથી જેટલે અંશે ઇતરવાદિઓના અંતઃકરણમાં ભરાયલો દોષ અને સનાતન ધર્મના અટલ સિદ્ધાંત સંબંધી ઉપજેલી શંકા તેમજ મલિનતા દૂર થશે તેટલે અંશે લેખની સાર્થકતા મનાશે. ઇસલમ

 લી० રા.ર.ચંદ્ર અધ્વર્યુ

સમર્પણ

પૂજ્યપાદ સ્વામિ શ્રીમાન્ રામાનંદજી મહારાજ

વાંસદાના પુરજનોને મ્હોંડે વારંવાર આપશ્રીનું સ્મરણ થતું મેં સાંભળ્યું હતું. આપશ્રીના દર્શન કરવાની કાંક્ષા પણ મ્હને વારંવાર થઇ હતી. પ્રત્યક્ષ દર્શનનો લાભ આ પહેલાં થયો હતો નહિ.

આજે આપના અત્રે પધારવાથી વાંસદાવાસીઓનાં સ્મરણમાં રહેલું સત્ય મેં પ્રત્યક્ષ જોયું છે. આપશ્રીની શાંત સૌમ્ય મૂર્તિનું દર્શન કરીને તથા આપની અનુભવી વાણીનું પાન કરીને મેં આનંદ અનુભવ્યો છે. વાંસદાવાસીઓમાં પોતપોતાના વર્ણાશ્રમ ધર્મ અંગે સંતોષ છતાં આપના તરફ જે એકસરખો સમભાવ સામાન્યત: જોવામાં આવે છે તે આપના સૌજન્યનું ભાન કરાવે છે; એ સર્વથી પ્રસન્ન થઇ સનાતન ધર્મને હિતાવહ આ મ્હારો લઘુ લેખ અતિ ભાવથી અને વિનયપૂર્વક આપને સમર્પણ કરવા અનુજ્ઞા લઉં છું.

આપનો
ગુણાનુરક્ત વિનીત
રામચંદ્ર અધ્વર્યુ.

વાંસદા
ડીસેમ્બર ૧૯૨૫



બાલબ્રહ્મચારી મહારાજ રામાનંદજી ગુરૂ શીતલાનંદજી
પુજારી. ટી. વી. રેલ્વે.

વર્ણાશ્રમ વિવેક અને સ્પૃશ્યાસ્પૃશ્ય રહસ્ય.

વર્ણાશ્રમ વ્યવસ્થા આજકાલની નથી એનાં મૂળ ઘણાં ઉંડા છે. પ્રાયઃ સનાતન ધર્મના સ્થાપન કાળથીજ વર્ણાશ્રમ ધર્મ સ્થપાયો છે. અથવા વર્ણાશ્રમ એજ સનાતન ધર્મનું મૂળ છે. વર્ણ અને આશ્રમ એવા બે પ્રથક શબ્દોનો એમાં સમાસ થયો છે. અનેક વિદ્વાનોએ એ ઉભય શબ્દોના અનેકાનેક અર્થ કર્યા છે. અને પોત પોતાના અર્થમાં વર્ણાશ્રમની યોગ્યતા ઘટાવવા પ્રયત્ન કર્યો છે. કિંતુ સૂક્ષ્મ રીતે જોઇએ તો જગત્ સમસ્ત આ ધર્મમાં વ્યવસ્થિત છે અને કોઇ દેશ વા પ્રજા એથી વિમુખ નથી.

વિચારકોએ પ્રાયઃ સર્વ પદાર્થના ત્રણ દર્શન સ્વીકાર્યા છે. આધિદૈવિક, આધિ ભૌતિક અને આધ્યાત્મિક આ ભેદ વસ્તુતઃ નથી. પરન્તુ એકે કાળે કોઇપણ વસ્તુમાં બે ભૂમિકાનો સમાવેશ થઇ શક્તો નથી. એ ન્યાયે ભૂમિકા ભેદથી આ ભેદ સ્વીકારાયો છે. સ્થુલ સૂક્ષ્મ અને કારણ એ દેહ (દેશ) ભેદ અને જાગૃત સ્વપ્ન અને સુષુપ્ત એ (કાળ) અવસ્થા ભેદ એજ આ દર્શન ત્રયિના ઉત્પાદક છે. પરન્તુ ભેદ તે ભેદજ છે અને દુઃખનું કારક છે. સુખ સમાધાનમાં છે. અને તેથી તત્વને પંથે ઉપદેશ પુરતું આ ભેદનું મહાત્મ્ય ગાઇ ધર્મશાસ્ત્રના સ્વચ્છ આદર્શ જેવા પુરાણોએ વારંવાર અંતિમ અભેદનું રહસ્ય સમજાવવા પ્રયત્ન કર્યો છે. અંતે દર્શન ભેદની સર્વ ભૂમિકાનો તુર્યમાં લય કરી નિત્ય સત્ય અને અનંત એવા બ્રહ્મ સુખનો સ્વાદ વખાણ્યો છે, ખરેખર આ દર્શન

ઋષિનો વિવેક સ્પષ્ટ થતાં પુરાણોની પણ ઘણીએક કથાનો મર્મ (ઉત્તમ સારાંશ) પ્રાપ્ત થયા વિના રહેતો નથી. એટલુંજ નહી પરન્તુ કેવળ એક દ્રષ્ટિથી ઉપજતો બુદ્ધિ મોહ નષ્ટ થઇ પરમ પદ પર્યંત ના જ્ઞાન સાથે ધર્મશાસ્ત્રની રચનામાં રહેલો અતિ સુખદ અમૃત રસ પણ ભોગ્ય થાય છે.

પુરાણાચાર્યોને જુદા કહી તેમની કૃતિને કેવળ ગપાષ્ટક ગણી નિરાધાર કરવાનો પ્રયત્ન જેટલો દુઃસહ છે તેટલોજ ઘાતક છે. આપણી બુદ્ધિનું ક્ષુદ્રત્વ, આપણો દોષ આપણે તેમને ઓઢાડવો ન જોઇએ. થોડું બોલવાના છતાં વધારે વિચારવાના વ્રતવાળા તે આ-ચાર્યોએ પોતપોતાનું અગાધ તત્વજ્ઞાન પોતપોતાના કાળના જીવન્ત નાયકોના ચારિત્રોમાં ગુંથી એકે સમયે આચાર, નીતિ અને ધર્મને માર્ગે ઐહિક અને આમુષ્મિક ઉભય સુખનો સમ્યક નિર્દેશ ઉપદેશજ કીધો છ. એ યુક્ત લાગતું નથી? લેખકો અને કવિઓની ભૂમિપર આ સંપ્રદાય હજીપણ આરૂઢ છે. કવિઓ અને લેખકો અદ્યાપિ સ્વકાલીન ઉત્તમોત્તમ મનુષ્યની જીવનરેષાને તાંતણેજ પોતાની કલ્પના અને આદર્શના તંતુઓ ગુંથે છે. શું ભારત વર્ષના! શું અન્ય દેશના!

એક સામાન્ય નિયમ અંહી કહ્યા વિના ચાલતું નથી. કોઇપણ મનુષ્યની વાણીની પ્રવૃત્તિ માત્ર ત્હેના રાત્રં દિન પરિચિત વિષયમાંજ હોઇ શકે છે. પુરાણોના રચનાર પ્રાયઃ વેદ વ્યાસ છે. એમનું મૂળ નામ કૃષ્ણ હતું. દ્વીપમાં જન્મ થવાથી એમને દ્વૈપાયન કહેવામાં આવતા. " વેદ વ્યાસ" તો માત્ર એમની વિદ્યોપાર્જીત ઉપાધિ હતી. 1
એટલે કે કૃષ્ણ દ્વૈપાયન વેદવેદાન્તમાં એટલા નિષ્ણાત હતા. એટલા નિમગ્ન રહેતા, શ્રુતિ સમુહની એમણે એટલી સુઘટિત રચના કીધી

છે કે "વેદ વ્યાસ" કહેવાથીજ એમનો વિશેષ પરિચય સધાતો. હવે કહો, નિરંતર શ્રુતિ વિષયમાં મગ્ન અને સત્યના અપાર આમહી મહર્ષિ વ્યાસે પુરાણોમાં વેદ વસ્તુ સિવાય ઇતર શું આલેખ્યું હોય વેદ અપૌરૂષેય અનાદિ છે પુરાણનો અર્થ પુરાણજ છે. જે ઉપકાર વેદ વ્યાસે કર્યો છે. તે કોઇએ કર્યો નથી. શ્રુતિના મર્મ વચનોને બહુ યત્નથી સંગ્રહી એ વિશાળ બુદ્ધિએ તેને અર્થવાહી કર્યા છે.

વીશ વર્ષ સતત પ્રયત્ન કરી થેમ્સ નદીપર પુલ બાંધનાર ધીર પુરૂષને અથવા ન્હેરો માર્ગે જમીનને મનમાની ફળદ્રુપ કરવાની રહેલ કરનારને વ્યાસ વચનમાં સગર પુત્ર ભગીરથતુંજ ભાગ્ય મળે અજાણ્યા દક્ષિણ ધ્રુવના પ્રદેશને શોધી કહાડનાર મહાન ખગોળવેત્તા વિશ્વામિત્ર નૂતન સૃષ્ટિના ઉત્પાદકજ કહેવાય. સૌર અને ચાંદ્ર કાળ માન જેવું પ્રત્યેક નક્ષત્રની ગતિ ઉપરથી એકવીશ વખત (વેદ કાળમાં એકવીશજ નક્ષત્રો જ્ઞાત હતાં એવું સિદ્ધ થયું છે.) જગતને નક્ષત્ર કાળમાન બોધનાર મહાન જ્યોતિષી ભૃગુના વંશજ પરશુરામે એકવીશ વખત પૃથ્વિ નક્ષત્રી કાધી એ ભાષા લાક્ષિણમાં બુદ્ધિની ચમકજ છે. જગતના પરમાણુ પરમાણુને પોતાની મનોધારણામાં વ્યક્તિગત જોનાર સૂક્ષ્મ વિચારકો પોતપોતાના વિષયને મૂર્તિમંત જુએ વા ચિતરે એમાં શો દોષ? કાવ્યોપદેશ અને રસની એ જ્ઞ-કાજ છે રે! જડ પરજ અદ્રશ્ય ચૈતન્ય આરૂઢ છે. શિક્ષા, કલ્પ, વ્યાકરણ, છાંદસ, નિરૂક્ત અને જ્યોતિષરૂપ ષડંગ વિના વેદ પુરૂષનો પરિચય અને અભિજ્ઞાન દુષ્કર છે, એમ તો વારંવાર એ મહર્ષિઓ-એજ ઘોષ્યું છે, પુરાણોની ઉપેક્ષા કરવાથી આપણને લાભ નથી એથી તો ઉલટું આપણું ઘણું એક વારસાઇ ધન આપણે ગુમાવીએ છીએ. તંત્ર અને વિધિ (બ્રાહ્મણ અને કલ્પ) થી ભરેલાં આપણા

પુરાણો વિદેશમાં (જ્યાં આપણી માતૃભાષા સંસ્કૃત અને પાલીની વિદ્યાપિઠો આપણા દેશ કરતાં પણ વધુ સંખ્યામાં છે ત્યાં) અતિ આદરથી વંચાય છે, વિચારાય છે અફસોસ એજ કે સાંપ્રતમાં આપણને માત્ર ત્યાંથી (વિદેશમાંથી) પ્રતિધ્વનિત થઇ આવતુંજ ગ્રાહ્ય છે. વર્ણાશ્રમ આદિ વિચારોમાં પણ જ્યાં સુધી વિદેશીઓ આપણને વ્યવસ્થા કરી આપશે નહિ ત્યાં સુધી આપણે કદાચ શંકા લેતાજ રહીશું. સ્વાભિમાન, દેશાભિમાન, આદિ અભિમાનો જાગૃત કરવાની જરૂર જોઇ અસ્ખલિત ઘંટારવ કરનારા દેશવાસીઓ ધર્મના બીજને કચડી નાંખનારી આ સંકલના રચવામાં ઘોર પાતક જોતા નથી ? જેથી પતન થાય છે તે પાતક છે પતન પામનાર અને પમાડનાર ઉભય પાતકી છે કરૂણારસમાં હારયનું બીભત્સ સંમેલન રસિકોનાં હૃદય છિન્નભિન્ન કરી નાંખે છે. જે કાળમાં ઘોડાનાં, બળદનાં, કપાસનાં બઉંના, બટાટાનાં, તમાકુનાં, ઢોરઢાંખરના, અનાજ ઔષધિના સર્વનાં બીજ અને રક્તની વિશુદ્ધિનો વિચાર આવશ્યક મનાય છે તેજ કાળમાં મનુષ્યોનો–વર્ણોનો શંભુ મેળો કરવાના આગ્રહમાં સુધારકોની–નેતાઓની બુદ્ધિનો કયો આદર્શ પ્રકટ થાય છે ?

જેને આપણે "વર્ણાશ્રમ" કહીએ છીએ તે શબ્દ માત્રમાં વિશેષે કરી આર્યાવર્તમાંજ વ્યક્ત થાય છે. કારણ કે વર્ણાશ્રમ વ્યવસ્થા કાળે આર્યાવર્તના વિદ્વાનનું વિરાટ આર્યાવર્તના તત્વજ્ઞાનીની સમષ્ટિ કેવળ આર્યાવર્તની એક છત્ર સીમામાંજ બધ્ધ હતી કિવા આર્યાવર્તની સંસ્કૃતિના પ્રભાત સમયે અન્ય દેશો અરણ્ય જેવા હતા અને તેથીજ આ વ્યવસ્થા અન્યત્ર પહોંચી નહોય છતાં અર્થમાં અને તત્વમાં વર્ણાશ્રમ સર્વ દેશોમાં છે, એક સરખો વર્તે છે અને નિશ્ચયપણે હોવો જોઇએ કારણકે 'વર્ણાશ્રમ' જગતની ઉત્પત્તિ સાથે સંબંધ

રાખે છે જે પ્રકૃતિ જગતની ઉત્પાદક છે તેજ પ્રકૃતિ વર્ણ અને આશ્રમનું અધિષ્ઠાન છે, જ્યાં સુધી જગત રહેશે ત્યાં સુધી આ રીતે કે તે રીતે વર્ણ અને આશ્રમ રહેશેજ. અને તેથી પ્રકૃતિના અન્ય ધર્મો સમજવા જેમ વ્યવસ્થાની જરૂર છે તેમ આ વર્ણ અને આશ્રમ વ્યવસ્થા પણ મનુષ્યની પ્રગતિ અને ઉન્નતિના ક્રમ સમજવા જરૂરની છે. અવ્યવસ્થીત વસ્તુ વ્યવહારમાં ઉપયોગી થઇ શકતી નથી. વ્યવહારશીળ મનુષ્ય સર્વ વસ્તુની વ્યવસ્થાને ઇચ્છે છે. ખાનપાન, અલંકાર, આભરણુ, વસ્ત્ર, ગૃહ, ઉપગૃહ, બાગ, બગીચા, સવ પદાર્થોમાં જેમ જેમ વ્યવહાર વધતો જાય છે તેમ તેમ વ્યવસ્થાની જરૂર પણ વધતી જાય છે. ન્હાના ન્હાના વ્યાપારીઓને ન્હાના ન્હાના ગૃહમાલીકોને પોતાના તંત્રમાં વ્યવસ્થાની જરૂર જણાય છે તો બ્રહ્માંડાધિપતિ જેવા મહા વ્યાપારીને સમષ્ટિની વ્યવસ્થાની જરૂર નથી એમ માનવાની ધૃષ્ટતા કયો વિચારક કરી શકે?

વાસ્તવમાં "વર્ણાશ્રમ" એ પ્રકૃતિનોજ ધર્મ છે. એને લગતાં શાસ્ત્ર પ્રમાણોની આપણે સમાલોચના કરીએ. એટલું તો સ્વીકારવુંજ જોઇએ કે શાસ્ત્ર રચના પ્રાયઃ ઉપદેશ પુરતી હોય છે અને ઘણી વખત વ્યાપક હોય છે [illegible]ી જેમ એકજ સ્ત્રી વ્યક્તિ એક મા બ્હેન દીકરી પત્નિ આદિ ધર્મોને ધારણ કરે છે તેમ શાસ્ત્ર વચનોમાંથી સાર ઉપજાવવાની બુદ્ધિ પણ મનુષ્યે પ્રાપ્ત કરવી ઘટે છે. ગીતામાં વર્ણસંબંધી એક વચન એવું છે:—

चातुर्वर्ण्यं मया सृष्टं गुण कर्म विभागशः ॥

"ગુણ અને કર્મના ભેદે ચાર વર્ણ મ્હારાથી સર્જાયેલ છે."
કુંતાપુત્ર અર્જુનને મહાન ભારતીય યુદ્ધકાળે તત્વનો બોધ કરતાં

આ વચન ભગવાન કૃષ્ણુએ શ્રીમુખે ઉચ્ચાર્યું છે. સાંપ્રદાયિક વિચારોનો ઘડીભર ત્યાગ કરી ભગવાન કૃષ્ણના આપણે તાત્વિક દર્શન કરીએ તો તત્વબોધ અથવા વેદાન્ત માર્ગમાં જેને પ્રકૃતિ કહી છે તેજ ભક્તિ માર્ગમાં ભગવાન કૃષ્ણરૂપે દર્શન દેય છે. દૈવિ સૃષ્ટિમાં જાતિલિંગ હોઇ શકતું નથી એ ગુપ્ત વાત અહીં સ્પષ્ટ કરવી ઘટે છે. સ્ત્રી પુરૂષનો જે ભેદ ત્યાં વર્તે છે તે સમજવા જેવો છે. મનુષ્ય સૃષ્ટિમાં જન્મભર પુરૂષ તે પુરૂષજ અને સ્ત્રી તે સ્ત્રીજ હોઇ શકે છે. પરન્તુ દૈવી સૃષ્ટિમાં આ બન્ને શબ્દો અર્થસાપેક્ષ છે. પુરૂષનો અર્થ સ્વાધિનતા અને સ્ત્રીનો અર્થ પરાધિનતા એવો થાય છે. અને તેથી અધિક બળવાન અથવા અધિક પ્રકાશી સત્વની કક્ષામાં જે દેવ સ્ત્રીરૂપ છે તેજ ન્યૂન બળવાન વા ન્યૂન પ્રકાશી સત્વોના સંબંધમાં પુરૂષ રૂપે છે. વિશેષ સ્પષ્ટ કહીએ તો એકજ દેવ જે પોતાનાથી બળવત્તર દેવની સમક્ષ સ્ત્રી છે તેજ દેવ પોતાનાથી નિર્બળ દેવો સમક્ષ પુરૂષરૂપે છે. બ્રહ્માની દષ્ટિએ જે વિષ્ણુ સ્વરૂપ પુરૂષવાચક છે તેજ વિષ્ણુ શિવની દ્રષ્ટિએ શક્તિરૂપે સ્ત્રીવાચક છે. આમ કૃષ્ણ અને કૃષ્ણા એ સ્થાન ભેદે પ્રકૃતિનાંજ એ નામ છે છતાં સ્વરૂપે એકજ અભેદ છે એમ સમજાશે જગત પક્ષે જે પ્રકૃતિ કૃષ્ણ છે તેજ પરમપુરૂષ પક્ષે કૃષ્ણા છે જેમ આપણો સૂર્ય એનાથી વિશેષ તેજવાન સૂર્યની સાનિધ્યે ચંદ્રરૂપ છે. આ કરતાં વિશેષ સ્પષ્ટ કરવાનું પ્રયોજન નથી. વિચારકોને તત્વજ્ઞોને આ સર્વ સુગમ્ય છે. સિદ્ધાન્ત એ ઠરે છે કે કૃષ્ણ અને કૃષ્ણા એ ઉભય આદિ પ્રકૃતિનાં માત્ર મુખ ફેર નામો છે અને તેથી કૃષ્ણએ કહેલી "વર્ણ વ્યવસ્થા" મૂળ પ્રકૃતિનો ધર્મ છે. અને પ્રકૃતિના જેટલાજ પુરાણ છે. હવે "પ્રકૃતિ" શબ્દને ઠીક રીતે

સમજીએ તો એનાં આ બન્ને સ્વરૂપો પ્રત્યક્ષ થાય છે, જ્ઞાનથી ઇચ્છા પર્યન્તનો અગમ્ય વા અદ્દશ્ય માર્ગ તેજ પ્રકૃતિનું કૃષ્ણ સ્વરૂપ અને ઇચ્છાથી જ્ઞાન પર્યન્તનો પ્રત્યક્ષ ક્રિયા માર્ગ તેજ અર્જુન અથવા શુકલ સ્વરૂપ સર્વ ધર્મ સર્વ વ્યવસ્થા અર્જુનને માટેજ એટલે ક્રિયા માર્ગે અને સાધન પંથમાંજ આવસ્યક છે. અને તેથી પ્રકૃતિના કૃષ્ણ સ્વરૂપમાંથીજ એની ઉત્પત્તિ હોઇ શકે છે વા કૃષ્ણુજ એ વ્યવસ્થા કરે છે એ સ્પષ્ટ થાય છે. ક્રિયા માત્રની સિદ્ધિ દેશ અને કાળની એટલે પ્રકૃતિની અપેક્ષા રાખે છે. એટલે કે કોઇપણ ઇચ્છા ક્રિયારૂપે દેશના અને જ્ઞાનરૂપે કાળના ગર્ભમાં ગયા સિવાય કદી પણ ફલિત થતી નથી. એટલે પ્રકૃતિના શુકલ સ્વરૂપને આપણે બીજા શબ્દોમાં દેશકાળ કહીએ તો ચલે અને જે દેશ અને કાળ છે તેજ અન્ય શબ્દોમાં વર્ણ અને આશ્રમ છે. વર્ણ એટલે રંગ અને આશ્રમ એટલે અવલંબન અથવા અવસ્થા. હવે આપણે ઝીણવટથી તપાસીએ. (વર્ણ અને આશ્રમ) એટલે દેશ અને કાળ બન્ને જગત ધાત્રી પ્રકૃતિનુંજ સ્વરૂપ છે. બીજે પક્ષે પ્રકૃતિ એ બ્રહ્મનું સગુણ સ્વરૂપ છે. અને સૂર્ય એ પ્રકૃતિનું દ્યોતક સ્વરૂપ છે. વસ્તુતઃ દેશ અને કાળ સૂર્યનેજ અધિષ્ઠાન કરી રહ્યાં છે દેશ એટલે દિશા એક દેશને બીજા દેશથી અળગો ઓળખવા વર્ણની જરૂર છે. કાળ એટલે સમય એક સમયને બીજા સમયથી ઓળખવા અવસ્થાની આશ્રમની જરૂર છે. કાળની પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ દિશા એ દેશ છે ભૂત વર્તમાન અને ભવિષ્ય પ્રભાત મધ્યાન્હ અને સાયાન્હ એ કાળ છે. અખંડ આકાશ સૂર્ય સ્થિતિ પરત્વે દિશામાં ભેદાય છે અખંડ કાળ સૂર્યની ગતિ પરત્વે દિવસ રાત્રી પક્ષ માસ રૂતુમાં ભેદાય છે. તાત્પર્ય દેશ અને કાળ વર્ણ અને આશ્રમ ઉભય

સવિતા સૂર્યના છે, અને જ્યાંસુધી જગતમાં આ સૂર્ય પ્રકાશતો રહેશે ત્યાં સુધી વર્ણ અને આશ્રમ તો રહેશેજ. હવે વર્ણ અને આશ્રમ છેજ તો એનો લોપ ન થઇ જાય માટે વ્યવસ્થાની જરૂર. વ્યવસ્થાનો અંગીકાર એજ ડાહ્યાનું ડહાપણ છે, અવ્યવસ્થા એતો મૂર્ખ, અધીરનું લક્ષણ છે. કેટલેક સ્થાને તો વ્યવસ્થા એજ દેવ (પ્રકાશ) અવ્યવસ્થા એજ અસુર (અંધકાર) એમ પણ કહ્યું છે. હવે આપણે આ વ્યવસ્થાનો ક્રમ સમજવા યત્ન કરીએ, કેટલેક સ્થળે વર્ણ શબ્દનો અર્થ ઘટાવતાં મનુષ્યોના શરીરના વા નિર્વાહ વૃત્તિના સાધન પદાર્થોના રંગ ઉપરથી અને તેની ઉત્તમતા અધમતાને લક્ષી વર્ણ વ્યવસ્થા થઇ છે એવું જણાવતાં કહ્યું છે કે **कर्मणोत्तम नीचत्वं कालतस्तु भवेद्गुणै विद्याकलाश्रयेणैव तन्नाम्ना जातिरुच्यते** ॥ જે વિદ્યાકળાના આશ્રયથી મનુષ્ય પોતાનો નિર્વાહ ચલાવે છે તે ઉપરથી તે તે જાતિનો છે એમ કહેવાય છે કેટલેક સ્થળે વળી જાત એટલે જન્મથી વર્ણ ભેદ નથી કિન્તુ ગુણ કર્મથીજ છે એવું સમર્થન કરતાં કહ્યું છે કેઃ—

न जात्या ब्राह्मणः क्षत्रियो वैश्य एव च ।
न च शूद्रो न वै म्लेच्छो भेदिता गुणकर्मभिः ॥

અહીં શૂદ્રથી મ્લેચ્છનો ભેદ બતાવી પાંચ વર્ણ ગણાવી છે, શ્રુતિમાં પણ **पंचजनाः** એ શબ્દનો પ્રયોગ થઇ **गन्धर्वाः पितरो देवा असुरा रक्षांसि चत्वारो वर्णा निषादः पञ्चमः** એમ પાંચ વર્ણોનું વર્ણન છે કેટલેક સ્થળે જન્મપ્રાણે સર્વનો શૂદ્રમાં સમાવેશ કરી **जन्मना जायते शूद्रः संस्कारात् द्विज उच्यते** એમ કહ્યું છે. જ્યારે અન્ય સ્થળે (મહાભારતમાં) બ્રહ્માના સર્જેલા આ

જગતમાં પ્રથમ સર્વ બ્રાહ્મણજ હતા માત્ર કર્મ ભેદે પાછળથી વર્ણ ભેદ થયો એમ બતાવતા કહ્યું છે કેઃ—

न विशेषोऽस्ति वर्णानां सर्वं ब्राह्ममिदं जगत् ।
ब्रह्मणा पूर्वं सृष्टं हि कर्मभि वर्णतां गतम् ॥

વળી કર્મની શ્રેષ્ટતાથી જાતિ શ્રેષ્ટતા અને અધમતાથી ઉત્તરોત્તર અધમતા પ્રાપ્ત થાય છે એમ પણ કહ્યું છે યથા **अधर्मचर्यया पूर्वो वर्णो जघन्यं जघन्यं वर्णमापद्यते। एवमेवं धर्मचर्यया जघन्या वर्णः पूर्वंपूर्वं वर्णमापद्यते ॥**

કર્મમાત્રમાં ધર્મનો વિશિષ્ટ પ્રભાવ આમાં બોધ્યો છે ઉપલક રીતે આ બધાં પ્રમાણોથી આપણું જોઇએ તેવું સમાધાન થઇ શકે એમ નથી. જરા ઉંડા ઉતરી સમાલોચના કરીએ તો વાસ્તવિક રહસ્ય પ્રાપ્ત થાય ઉપલક દૃષ્ટિએ એટલોજ બોધ થાય છે કે સૃષ્ટિની ઉત્પત્તિ પછી કેટલેક કાળે ગુણ કર્મના ભેદથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈસ્ય અને શુદ્ર એવા ચાર વર્ણ બંધાય છે અને એક સરખા ગુણ કર્મના પેઢીધર પેઢી સેવનથી જાતિ કહેવાય છે અને ગુણકર્મની ઉત્તમતા અધમતાને આધારે જાતિમાં વિપર્યય થતો રહે છે. જાતિ શબ્દ જન્મ વાચકજ છે જન્મનો અર્થ પૂર્વ સંસ્કારો અને વાસના સમૂહની પ્રાપ્તિ માટે દેહ ધારણ કરવો એજ છે અને તેથી સંસ્કાર અને વાસનાનુસારજ દેહ વા ક્ષેત્રની પ્રાપ્તિ છે એટલે જાતિ સૂક્ષ્માવલંબી છે અને સ્થૂળ કર્મથી જાતિ કહેવાતી નથી.

ગુણકર્મને આધારે જાતિ એ વિષય સમજવા થોડું સંસ્કાર રહસ્ય અને કાળગણના વા આયુ ભેદ સમજવાની જરૂર છે. સંસ્કાર-

રતું પ્રાધાન્ય બતાવવા આ ચાર વર્ણ પૈકી ત્રણને દ્વિજ માની **यथा ब्राह्मणः क्षत्रियो वैश्य त्रयो वर्णाः द्विजातयः** દ્વિજત્વ સંસ્કારથી સિધ્ધ થાય છે, એમ કહ્યું છે. દ્વિજત્વનો વિષય હાલ બાજુપર મુકી જાતિ શબ્દને આપણે પ્રથમ જોઇએ. સદેવંત સાવલિંગા જેવી વાતો બધાએ વાંચી હશે અને વૈદિક આયુમર્યાદાથી વિરોધ બતાવનાર વિશ્વામિત્ર આદિ ઋષિના હજારો વર્ષના તપમાં પુનર્જન્મને પ્રત્યક્ષ માનનાર ક્રાન્ત દર્શી આર્ય તત્વજ્ઞોએ કોઇ એકજ જીવની (વ્યકતાત્મા પ્રત્યગાત્મા) જન્મ જન્માંતરની કથા લખી છે, એવું સિદ્ધ કર્યું હશે દેશ કાળ અને વસ્તુનો પરિચ્છેદ જેમની દ્રષ્ટિનેબાધ કરતો નથી એવા ઋષીઓ લગ્નાદિ મંગળ પ્રસંગે વારંવાર વસ્ત્રાભરણ બદલતી પત્નીને ન્યૂનાધિક સૌંદર્યવાળી છતાં એકરૂપ જોનારા પોતની માફક જુદાજુદા દેહમાં ઉંચનીચ ગુણકર્મને લક્ષતાં છતાં જીવનું વ્યકિતત્વ વત કાઢે છે. અને તેથી એકજ જીવના સમસ્ત પ્રવાસમાં થયલું જાત્યન્તર એકજ જન્મનું કલ્પી તથા તેને પ્રમાણ ગણી એકજ જન્મમાં ઇતર જાતીઓને જાત્યંતર કરાવવાની યોગ્યતા માનનારાઓ કેવળ જાતિ અર્થ નો વિપર્યયજ કરે છે એ ઉચિત નથી. જન્મ જન્માંતરના ગુણ કર્મના સંસ્કારથી ઘટ્ટ થયલી વાસનાને આધારેજ અમુક જાતિમાં જન્મ થાય છે અને એક જન્મકાળમાં કોઇપણ જીવ બે જાતિનો થઇ શકતો નથીજ એટલે કે ગુણ કર્મ જન્માંતરના સંસ્કારને સિદ્ધ કરે છે. કિન્તુ જાતિતો એકજ જન્મને બતાવે છે. છતાં જેમ ડુંગર ઉપર ચઢવું શનૈઃ શનૈઃ અને પગથીએ પગથીએ થાય છે પરન્તુ પડવાને માટે એવો કોઇ નિયમ નથી તેમ ઉંચ જાતિમાં જન્મેલો જીવ તેજ જન્મમાં પતિત થઇ બીજી જાતિના ધર્મને પામે છે.

પરંતુ નીચ જાતિમાં જન્મેલો જીવ તેજ જન્મમાં ઉચ્ચ જાતિત્વને પામતો નથી. સ્વજાતિના ધર્મને સમ્યક્સેવી ઉચ્ચ જાતિનું અનુકરણ કરવું એ દેહાન્તરે ઉચ્ચતા પ્રાપ્ત કરવાની સામગ્રી છે. પતિત જીવોનો વિહિત સંસ્કારથી ઉદ્ધાર થઇ શકે છે પરન્તુ કોઇપણ સંસ્કારથી જાતિ વિપર્યય થઇ શકતો નથી. વ્યવહારમાં આ જાતિ શબ્દજ વર્ણના અર્થમાં વપરાય છે. વર્ણ એ દેશ છે દેશ કાળની અપેક્ષાએ સ્થિર અચળ છે એટલે જાતમાં ફેરફાર થઇ શકતો નથી.

આશ્રમ એ કાળ છે. કાળ ચળ છે અને તેથી એક દેહના આશ્રમમાં જન્માવધિ ફેરફાર થઇ શકે છે. ઠીક શબ્દોમાં કહીએ તો વર્ણ સૂક્ષ્મ દેહને આશ્રયે છે આશ્રમ સ્થૂલ દેહને આશ્રયે છે. વળી ઉભય વર્ણાશ્રમ ત્રણ ત્રણજ છે. કારણ કે જે પુરૂષની સત્તામાં પ્રકૃતિ આશ્રિત છે તે પુરૂષની સત્તા ત્રિગુણાત્મક પ્રકૃતિના દેશ અને કાળ ધર્મથી ભેદાતાં દેશ પક્ષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ વા શુભ્ર રક્ત અને પીત અને કાળપક્ષે પ્રભાત મધ્યાહ્ન ને સાયાન્હ અથવા બાલ્ય યૌવન અને વાર્ધક્ય એમ વર્ણત્રય તથા આશ્રમ ત્રયનો અંગીકાર કરે છે, તત્વજ્ઞોને એક વાત સમજવી મુશ્કેલ નહિ થાય કે આ જગતજ જગન્નાથ વા બ્રહ્મ પુરૂષની પ્રકૃતિ છે અને એની શક્તિનો પ્રત્યક્ષ દ્યોતક સૂર્યજ દેશ કાળનો પ્રકાશક છે પ્રકૃતિને અંગે લાગેલા વર્ણત્રયિ અને આશ્રમત્રયિજ આપણાં વર્ણાશ્રમ ધર્મનું મુળ છે અને એ ધર્મજ એ ધર્મનું સમ્યક પ્રતિપાલનજ આપણને મહાન પ્રકૃતિ દેવીની સમીપ લઇ જઇ ત્યાંથી બ્રહ્મપ્રાપ્તિના માર્ગે ઠેલે છે. પ્રકૃતિમાં મળ્યા સિવાય પરમશ્રેય અથવા આત્મલાભ કદી પણ પ્રાપ્ત થઇ શકતો નથી મનુષ્ય પોતાના ડહાપણથી પ્રકૃતિથી ઘણે દૂર થાય છે. દુઃખની જે ભ્રાંતિ થાય છે તે પણ પ્રકૃતિથી

માત્ર ઘણે દૂર આવી પડયાનુંજ ચિન્હ છે. પ્રકૃતિનું સાંનિધ્ય પ્રાપ્ત કર્યા વિના દુઃખ દૂર થઇ શકતુંજ નથી. અને પ્રકૃતિનું સાંનિધ્ય પ્રાપ્ત કરવા પ્રકૃતિનાજ વર્ણાશ્રમ ધર્મનો આપણે આદર કરવો જોઇએ ઇચ્છાથી જ્ઞાન પર્યંતના કાળને પ્રાકૃત કાળ કહી શકાય બીજા શબ્દોમાં કહીએ તો જડારૂઢ ચૈતન્ય અથવા માયામાં ચૈતન્યનો આવેશ એજ જગત્ ધાત્રી પ્રકૃતિ. માયા જડ છે. ડકાર અને ળકારના અભેદે જડ અને જળનો અભેદ છે. અને જેમ આંખમાં રહેલાં જળમાં પ્રતિબિંબિત થઇ સર્વ પદાર્થને ભોગતો અક્ષિ પુરૂષ જળો-પાધિનો સર્વથા ત્યાગ કરીનેજ આત્મસ્વરૂપ વા ચૈતન્ય ભોગને પામે છે. તેમજ માયા દેશમાં પ્રતિફલિત થઇ માયાના આવરણને અંગીકાર કરી પ્રત્યગાત્મા પોતાના સ્વરૂપનો નિશ્ચય કરી અંતે એ આવરણથી મુક્ત થઇનેજ સ્વસ્વરૂપને પામે છે આવરણનો અંગીકાર કર્યા પછી આવરણ તોડવા પર્યંતનો કાળ તેજ પ્રાકૃત કાળ, સાધન કાળદેહાધ્યાસાવધિ. આ કાળમાં વર્ણાશ્રમ ધર્મજ નહિ પણ સ્પૃસ્યા સ્પૃસ્ય પણ શ્રેયસાધક છે. વર્ણાશ્રમ અને સ્પૃસ્યા સ્પસ્ય ધર્મને કેવળ સ્થૂલ સાથેજ સંબંધ રાખનારા ગણી એમાં પૂર્વાચાર્યોની ભૂલ કલ્પી પરિવર્તન કરવાની ઇચ્છાવાળા મનુષ્યોને અવિવેકી, અજ્ઞ, જડ અને બેવકુફ કહેવામાં કાંઇ હરકત નથી. કેવળ બાહ્ય અને પ્રત્યક્ષ પદાર્થોનેજ સ્વીકારનારા મનુષ્યો ચાર્વાક ઉપનામને યોગ્ય થયા છે. વર્ણાશ્રમ આત્માને નથી, દેહને નથી, દેહાધ્યાસી જીવને છે. જાતિલિંગ પણ તેનેજ છે, અને એ અધ્યાસ તોડી મુળ સ્વરૂપને પ્રાપ્ત કરવા પર્યંતના સાધનકાળમાં વિધિ નિષેધ અને સ્પૃસ્યા સ્પૃસ્ય અતિ આવસ્યક ધર્મ છે. કુદરતની કુખે ઉત્પન્ન થવા છતાં કુદરતના ધર્મને પણ જેઓ સમ્યક જોતા નથી એ અચળ ધર્મનું પણ જેઓ

ઉલ્લંઘન કરવા ઇચ્છા ધરાવે છે તેને કેવા કહેવા? કોઇપણ બીજને ફાલી ફુલી સિદ્ધ થવા પર્યંતના કાળમાં ત્રણ ભૂમિકા અથવા અવસ્થા સમાઇ છે. એમાંની પહેલી અને છેલ્લી ભૂમિકાને એટલે કે કેવળ અજ્ઞાન અથવા નિકૃષ્ટવસ્થાને તેમજ જ્ઞાન વા ઉત્કૃષ્ટ અવસ્થાને ધર્માધર્મ સ્પૃશ્યા સ્પૃશ્ય નથી પરન્તુ સાધનકાળમાં નવા સાધન પથમાં ધર્મનો ધ્વંશ કેટલો અહિતકર છે એ કુદરતના વહિવટમાં જુઓ. કેટલી ડાહી છે કુદરત, પશુની, પક્ષીની, વનસ્પતિની, ઔષધિની અરેરે! જડ પથ્થરોની પણ મૂલ્યવાન રત્નો પકાવવાની ગર્ભશાળા જોઇ છે? સ્પૃસ્યાસ્પૃસ્યનો વિવેક ત્યાં સમજાશે. બિલાડીનાં તરતનાં જન્મેલાં બચ્ચાંને સ્પર્શ કરવામાં તે બચ્ચાંનું કેટલું અહિત રહ્યું છે? કુમળા રોપાને મનુષ્યો વાડ કરે છે જેને ઉગાડવા છે એવા રોપાનું કુદરત આચ્છાદન કરે છે. ન્હાનાં બાળકને લેવામાં અનુભવી માતાઓ વિચારશીલ હોય છે. ગર્ભાધાનના સાધનકાળમાં સ્ત્રી અસ્પૃશ્ય છે તે તેને ખાતર નહિ આપણે ખાતર. રોગના સ્પર્શથી મુક્તિ પર્યંત રોગીનો સ્પર્શ વિધિયુક્ત છે પથ્યાપથ્યનો વિવેક ત્યાં ઉભો થાય છે. વિહિત માર્ગ એજ પથ્ય. જગત સાધન ક્ષેત્ર છે. સાધન મોક્ષ કાળાવધિ છે. પંથ નિદેશક છે. સિદ્ધ અને અસિદ્ધ, જ્ઞાની અને પામર બન્નેની અવસ્થા તુરત ઓળખાય છે. બન્ને દશામાં "મ્હારૂં ત્હારૂં" નથી સિદ્ધને મ્હારૂં ત્હારૂં નથી, બાળકને અજ્ઞાને તેનું જ્ઞાન નથી, બન્ને દશાને વિધિ નિષેધ નથી પણ જ્યાં સુધી મ્હારૂં ત્હારૂં છે, આ મ્હારૂં છે આ ત્હારૂં છે આ પદાર્થ આ દેશ આ કાળ આ વસ્તુ મ્હારી છે એવી સમજ છે ત્યાં સુધી સાધના છે અને સાધનાને માર્ગે સજાતીયનું ગ્રહણુ સન્માન અને વિજાતીયનો ત્યાગ અસ્પર્શ એ ધર્મ જરૂરી છે સાધનકાળ

લીલો કાળ છે. લીલા કાળમાં દૂષિત થવાની શંકા વિશેષ છે. વિજ્ઞાનની રીતે વિદેશીઓ, એ પણ આપણને શીખવશે, પછી આપણને શંકા રહેશે નહિ. હમણાં બુદ્ધિનો સર્વ અંશ પિતૃઓની પૂર્વજોની ભૂલ શોધવામાંજ વપરાય છે. અફસોસ! સિદ્ધ અને અજ્ઞનું લક્ષણ ઉપર બતાવ્યું છે. કઈ દશા ધર્માધર્મથી મુક્ત છે તે ટાંકયું છે. વિચારકો વિચારશે. યોગનો સાધના માર્ગ કેટલો વિકટ છે એનો અલ્પ પણ વિચાર કરનારને સ્પૃશ્યાસ્પૃશ્યનો વિવેક સમજાયા વિના રહેશે નહિ. કોઈ પણ ક્રિયાના સાધનકાળમાં સ્વલ્પ પણ વિજાતીય સ્પર્શ, વિચારમાં કે આચારમાં તમો સહન કરી શકતા નથી. જેમ જેમ સિદ્ધિની ઇચ્છા તીવ્ર તેમતેમ સાધનવ્રત તીક્ષ્ણ, **ક્ષુરસ્ય ધારાનિશિતા દુરત્યયા.** સમયોગ તે પ્રકૃતિ. વિસમયોગ તે વિકૃતિ. ભારતવાસીઓ! ધર્મ ત્યાગથી વિવેક ત્યાગથી નૂતન પ્રાપ્તિ ઘેર ગઈ પરન્તુ પ્રાપ્તની પણ હાની છે. અસ્પૃશ્ય સ્પર્શ અને અધર્મ્ય ધર્મથી કદીપણ સ્વરાજ મળે નહિ. અત્યંત મ્હારા ત્હારાના સાંકડા પંથમાં છતાં તત્વમાર્ગે Boycott માં ઉદાર ઉન્નતિની વાન્છના નથી? વર્ણધર્મ, જાતિધર્મ, દેશધર્મ, રાજ્યધર્મ બધા જૂદા જૂદા છે. એકનું વા સર્વનું સમ્યક્ પ્રતિપાલન એકેકને વિરોધી નથી. રાજ્યની દૃષ્ટિએ રાજ્ય છે. વર્ણની દૃષ્ટિએ વર્ણ છે. બાળક સ્ત્રી અને પુરૂષ, કાળું ગોરૂં અને ઘઉંવું, વૃદ્ધ યુવાન અને કિશોર, નોકર માલીક અને મ્હેમાન, આવાં મિશ્રમંડળ છતાં વિવેકીઓનાં ગૃહતંત્ર સુંદર રીતે ચાલે છે. સર્વદા શંકાશીળ—અશ્રદ્ધાળુ આત્મ અણુગમાવાળા સર્વ એક રંગ, એક જાતિ, એક ધર્મ હોવાની ઇચ્છાવાળા અક્ષમ પુરૂષો કઈ પ્રાપ્તિ કરી શકયા છે કે સ્વરાજ મેળવશે? દેશને અંગે દેશાભિમાન સેવો કિન્તુ સુધારવું કે તોડવું? જે લક્ષણોની જરૂર નથી

તે કરવાનું શું પ્રયોજન ? જાતિભેદ વા વર્ણભેદ કઇ સિદ્ધિના અભિલાષમાં વિઘ્નરૂપ છે ? સ્પૃશ્યાસ્પૃશ્યની અતિ આવશ્યકતા છે છતાં જરૂરીયાત પ્રસંગે વિવેકથી એનો બાધ થઇ શકે છે. અગ્નિ અસ્પૃશ્ય છે છતાં ચીપીયાથી સ્પૃશ્ય છે વિવેક રાખો, કાંઇ ભાંગો નહિ, કાંઇ તોડો નહિ. વિવેકથી વર્તો. વિવેકભ્રષ્ટોનો વિનિપાતજ થાય છે. વર્ણાશ્રમનો કેટલોક ભાવ હજી સમજાવવો બાકી રહ્યો છે વર્ણાશ્રમની યોગ્યતા સંબંધે શંકા લેવાનું રહેતું નથી. જગતની ઉત્પત્તિથી જગતના અસ્તિત્વ પર્યંત એક વસ્તુથી બીજી વસ્તુને ઓળખવાના વ્યવહારમાં વર્ણાશ્રમ આદિ ધર્મોના આવશ્યકતા છેજ હવે એ વર્ણોમાં ઉત્તમ મધ્યમનો જે ભેદ વર્તે છે તે તથા દ્વિજત્વમાં શું રહસ્ય છે એ સંબંધી થોડો વિચાર કરીએ.

ભગવતી પ્રકૃતિનો એક અટલ સ્વભાવ એ છે કે મહાનમાં મહાન અંશથી માંડી ન્હાનામાં ન્હાના પરમાણુંમાં પણ તે પોતાના નિયમ વ્યવસ્થા આદિ સર્વાંગથી સર્વદા એક સરખી સંપૂર્ણ છે. જે ઉત્પત્તિ સ્થિતિ અને લય તથા સત્વ રજ અને તમ પ્રકૃતિના સ્વભાવ ગુણરૂપે તેની મ્હોટામાં મ્હોટી સૃષ્ટિમાં વર્તાય છે તેજ ગુણ સ્વભાવ તેની ન્હાનામાં ન્હાની સૃષ્ટિમાં પણ અખંડ છે આમ ન હોત તો પિંડ અને બ્રહ્માંડનો દર્શન ન્યાય મિથ્યા થાત અને જીજ્ઞાસુઓને આ અનંત બ્રહ્માંડનું સમ્યક જ્ઞાન દુષ્કર થાત વિદ્વાનોએ જ્ઞાનીઓએ આ સૃષ્ટિનું સમસ્ત જ્ઞાન આ ન્યાયથીજ જાણ્યું છે ભગવાન કાર્તિકેયની માફક સર્વ જ્ઞાતાઓ આ સૃષ્ટિની પ્રદક્ષિણા કરવા નીકળી પડયા હતા અને તેને અંગે ઉત્પન્ન થયેલું જ્ઞાન જગતને બોધવામાં આવે છે એવું હું કદી સ્વીકારી શકતો નથી. કાર્તિકેય માર્ગ અતિ દુરારાધ્ય છે એમ સમજતાં વાર લાગતી નથી.

મધુર (વાણી) ત્યાં પહોંચી શકે એમ નથી. જે કાંઇ પ્રાપ્ત થયું છે તે પિંડ બ્રહ્માંડના ન્યાયેજ થયું છે અને તેથીજ જ્ઞાતાઓને આત્મ દર્શી તત્વદર્શી કહેવામાં આવે છે. અનંત બ્રહ્માંડનું જ્ઞાન તેઓએ પિંડના નિરીક્ષણથી પ્રાપ્ત કર્યું છે. અને ભગવતી પ્રકૃતિ તથા તેની રચના સિવાય જ્ઞાનીઓને સ્મૃતિકારોને શાસ્ત્રાચાર્યોને બીજું શું વધારે અનુકરણીય થયું હશે? જ્યાં ત્યાં પ્રકૃતિના અસ્ખલિત નિયમોનું યથાસ્થિત અવલોકન કરી તેને ગર્ગેજ વિદ્વાનોએ સર્વત્ર સમાજોની વ્યવસ્થા કરી છે. સમાજના સર્વ નિયમો કુદરતના નિયમનુંજ અનુકરણ છે કુદરત એજ સર્વ વ્યવસ્થિત રચનાનો પાયો છે. પચાસ વર્ષ પહેલાં યુરોપીઓ જે વાત સ્વીકારતા ન હતા તે આજે સ્વિકારે છે. એ અતિ મગરૂર પ્રજાના રણશીંગડાના નાદમાં આપણે આપણો નાદ ફુંકવો ઘટતો નથી. યુરોપ હજી તર્કશીળ છે. આપણાં પૂર્વજોએ તો અનેક તર્કને અંતે અચળ સિદ્ધાન્તો સ્થાપી આપણને ઉપકૃત કર્યા છે. શ્રેય અને પ્રેયના માર્ગો આંકત કર્યા છે. મગરૂર છતાં જીજ્ઞાસુ યૂરોપી પ્રજા પોતાના વિચારોમાં હમેશ પરિવર્તન કર્યા કરે છે. હજી એ પ્રજા ફુધરડી ફરે છે. એના વિચાર ચક્રમાં આપણું ચક્ર યોજવું આપણી ગતિને રૂંધવા જેવું છે. અણુ પરમાણુમાં—તત્વ ગણનામાં—તથાબીદુનિયામાં સર્વમાં આ પચાશ વર્ષમાં યૂરોપી પ્રજાએ કેટલો ફેરફાર સ્વિકાર્યો છે આપણા જે સિદ્ધાન્તોની એઓ અવગણના કરતા હતા જેને લઇ એઓ આપણને મૂર્ખ અને અજ્ઞાની કહેતા હતા આજે જો તે વિચાર કરીએ તો આપણને આપેલાં એમનાં સર્વ વિશેષણો એમને માન અને વ્યાજ સાથે પાછાં આપવાં ઘટતાં નથી? વર્ણાશ્રમના વિચારમાં એઓ સુધારો કરશે નહિ શી એની ખાત્રી? સ્પૃશ્યાસ્પૃશ્યમાં તો એઓ અર્ધ મજલ

આવી ચૂક્યા છે. વિજ્ઞાન દૃષ્ટિનો જે વાગો હજી સુધી તેની સોડમાં છે તે સિદ્ધાન્ત થયે ઉડી જશે અને યુરોપી પ્રજા આપણા સર્વ ધર્મને સર્વ સિદ્ધાંતને કષ્ટાનુભવે માન આપશે. સ્વીકારશે વર્ણ અને આશ્રમમાં જે ઉત્તમ મધ્યમતા મનાઇ છે તે ભૂમિકા અને ઉપયોગીતાના પ્રમાણમાં છે છતાં એનો યોગ્ય વિચાર કરવા વર્ણ અને આશ્રમ સંબંધે ધર્માચાર્યોએ બ્રાહ્મણ ક્ષત્રિય આદિના અને બ્રહ્મચર્ય ગાર્હસ્થ્ય આદિનાં જે લક્ષણ ચિન્હો અને આચરણીય ધર્મો સ્વિકાર્યા છે તે પ્રથમ જોઇએ અને પછી ઉપરોક્ત પિંડ અને બ્રહ્માંડના ન્યાયે એની સમાલોચના કરીએ. લેખ બાહુલ્યના ભયે સંક્ષિપ્તમાંજ કહેવું ઠીક થશે. જન સંઘમાં અથવા વિરાટ પુરૂષના અંગમાં ચાતુર્વર્ણ્યની સ્થિતિ બતાવતાં શ્રુતિએ કહ્યું છે **ब्राह्मणोस्य मुखमासी द्बाहूराजन्य कृतः ।उरु तदस्य यद्वैश्यः पद्भयां शुद्रोऽजायत॥** બ્રાહ્મણ વિરાટ પુરૂષના મુખરૂપે હતા; બાહુથી ક્ષત્રિયો થયા. એના ઉરૂ–સાથળ વૈશ્યરૂપે પરિણામ્યા અને બંને ચરણોમાંથી શુદ્રો ઉત્પન્ન થયા. વિરાટ પુરૂષના વળી અંગ શા? આ આખો મંત્ર લાક્ષણિક નથી? વિશ્વકાય જગન્નાથનું દર્શન કરાવતાં બીજી શ્રુતિએ કહ્યું છે **अपाणि पादो जवनो ग्रहोता पश्यत्य चक्षुः सः शृणोत्यकर्णः** હાથ પગ આદિ પ્રત્યક્ષ વા સ્પષ્ટ અંગો ન છતાં પણ વિરાટ્ ભગવાન તે તે અંગોના સર્વાંશ ધર્મબળ યુક્ત છે. શું સુંદર સત્ય? કેટલી ઉંચી કલ્પના!

સર્વ ધર્મશાસ્ત્રોનો સમુદાય સાર ખેંચીએ તો બ્રાહ્મણાદિ વર્ણના લક્ષણ ધર્મ નીચે પ્રમાણે નીકળે છે.

બ્રાહ્મણોએ શ્વેત વસ્ત્ર પરિધાન કરવાં, વિદ્યા, યજ્ઞ જપ તપ નિરંતર સેવી અધ્યયન (ઉન્નતિ) રત રહેવું. શુદ્ધાચાર પાળવો ઇતર

વર્ણ પ્રજાને બોધ કરવો. તત્વ લક્ષણા કરવી. તેમાં વારંવાર વિઘ્નો ન આવે એટલા માટે સમાજથી બહુધા અલગ, પરિગ્રહમાં મંદ થઇ કેવળ અક્ષ સુત્ર કમંડલુ દર્ભાદિ સંપ્રયોપયોગી વસ્તુઓ રાખી રહેવું. પ્રજાપાળ ક્ષત્રિયને ઉપદેશવા અને બ્રહ્માચ તન કરવું. ગાયત્રિ અને સૂર્યની ઉપાસના કરવી. બ્રાહ્મણો વર્ણ માત્રના ગુરૂ છે. ગુરૂ રૂપે રહેવું. બુદ્ધિ સંચય કરવો.

ક્ષત્રિયે રકત વસ્ત્ર પરિધાન કરવાં પ્રજાને મોખરે રહેવું, પ્રજાનું પાલન કરવું. રાષ્ટ્રમાં ધર્મ ન્યાય અને અભય સ્થાપવાં, બ્રાહ્મણને સન્માનવા, દુરાચારીઓના શાસન માટે દંડ અને સદાચારીના રક્ષણ માટે છત્ર એ સંજ્ઞાત્મક ચિન્હો રાખવાં. વર્ણ શ્રેણીમાં ક્ષત્રિયનું સ્થાન બીજુ છે અને રાષ્ટ્રના પતિરૂપે છે માટે બળ સંચય કરવું. વૈશ્યે પીત વસ્ત્ર પરિધાન કરવાં પ્રજાના કેંદ્રમાં રહેવું. દ્રવ્ય સંચય કરવું વાણિજ્ય રત રહેવું. તુલા રાખવી. રાષ્ટ્રપતિને સહાયક થવું બ્રાહ્મણોને પ્રસન્ન રાખવા. શુદ્રનું પ્રતિપાલન કરવું.

શુદ્રે કૃષ્ણ વસ્ત્ર પરિધાન કરવાં સમાજને છેડે રહેવું, પ્રારબ્ધને ભોગવવું, દ્વિજાજ્ઞા વહન કરવી, શ્રવણ્સ્ત રહેવું. (સુશ્રુષા કરવી) સેવાધન સંચય કરવું આમ બ્રાહ્મણો તપોધન ક્ષત્રિય બળધન વૈશ્ય દ્રવ્યધન અને શુદ્ર સેવાધન છે. વર્ણચતુષ્ટ્યના આ ધર્મો શાસ્ત્રમાં વર્ણવ્યા છે. પરંતુ એ યુકત છે કે નહિ અથવા એનો આધાર કયાં છે એ જોઇએ કારણ કે ધર્મ એ સિદ્ધ સ્વભાવ છે, એ પળાવવાજ જોઇએ ધર્મથી સદા સર્વદા કલ્યાણજ છે અધર્મથી અકલ્યાણજ છે. ધર્મનું હનન થઇ શકતુંજ નથી. ધર્મનું હનન કરવા ઉદ્યુત થનાર પોતેજ હનન થાય છે ત્યારે આપણે જોવું જોઇએ કે આ ધર્મનું મૂળ કયાં છે? અને સુપાલ્ય તેમજ

પાલનીય છે કે કેમ?

મેં આગળ કહ્યું છે કે વાસ્તવિક રીતે વર્ણ અને આશ્રમ ઉભય ત્રણ ત્રણજ હોઇ શકે છે છતાં કેથે ચાર અને કેથે વળી પાંચ વર્ણ કહી છે એનો અર્થ શું? એ પ્રશ્ન સહજ છે. સમાધાન એ છે કે વાસ્તવિક ત્રણજ મુખ્ય રંગ હોવા છતાં તે ત્રણના પરસ્પર ન્યૂનાધિક ભેળસેળથી જેમ અનેક વિવિધ રંગો ઉત્પન્ન થાય છે અને તે સર્વને વ્યવહાર સુગમતા ખાતર એકજ "મિશ્ર" એવું નામ અપાય છે તેમજ આ વર્ણત્રયના પરસ્પરના સેળભેળથી અથવા પ્રત્યેકના ધર્મમાં અન્ય ધર્મના મિશ્રણથી, તાત્પર્ય ધર્મપતનથી એક પતિત નામની વર્ણ ઉપજે છે જે પૈકી એકને વ્યવહાર સુગમતા ખાતર 'શૂદ્ર' કહેવામાં આવી છે. આચાર્ય ભગવાને શૂદ્રની વ્યાખ્યા કરતાં ઠીક કહ્યું છે કે **શુચા દ્રવતિ ઇતિ શુદ્રા:** મોહાવૃત થઇ સાધન માર્ગથી ભ્રષ્ટ થઇ પશ્ચાતાપ શોક અને દુઃખમાં જેઓ દ્રવે છે તે શુદ્ર છે. પતિતછે છે એના લક્ષણ ધર્મનો આંક જોઇતો નથી. પતિત શબ્દથી લક્ષણ થઇ શકે છે પરંતુ એ પતિત વર્ણમાં પણ જ્યારે એક પશ્ચાતાપવી પાડિત એટલે પુનઃ પદ પ્રાપ્ત કરવાની અભિલાષાવાળા અને બીજા કેવળ મલીનાવૃત પ્રમાદી પશ્ચાતાપ વિનાના (પતિત અવસ્થામાંજ મગ્ન) એવો બીજો વર્ગ ઉત્પન્ન થયો ત્યારે એ બીજા પ્રકારના પતિત 'મ્લેચ્છ'થી શુદ્રને ઓળખાવવા ભેદ બતાવવા શુદ્રનો શુશ્રુષા ધર્મ આંકવામાં આવ્યો છે અને આમ ચાર અને પાંચ વર્ણની આંકણી થઇ છે આશ્રમમાં પણ બાલ્ય યૌવન અને વાર્ધક્યને લઇ બ્રહ્મચર્ય ગાર્હસ્થ્ય અને વાનપ્રસ્થ એ ત્રણજ આશ્રમની રચના વાસ્તવિક રીતે થઇ શકે છે પરંતુ પાછળથી ચતુર્વિધ પુરુષાર્થની વ્હેંચણી કરતાં અને આશ્રમ ધર્મથી જ્ઞાન કે

અજ્ઞાને કટાણી મુક્ત થનારનો ભેદ બતાવવા સન્યસ્ત આશ્રમનો ધર્મ અંકાયા છે બાકી સન્યસ્ત શબ્દજ એવો છે જેમાં સતત મોક્ષ યા મૃત્યુની અપેક્ષા સિવાય બીજી અપેક્ષા નથી એટલે એનો વિશેષ ધર્મ હોવાની જરૂર નથી પણ અકાળે આશ્રમ ત્યાગ કરવાની મનુષ્યોમાં જ્યારથી પ્રવૃત્તિ થઇ ત્યારથી એ આશ્રમનો સ્વતંત્ર ધર્મ સ્થપાયો છે અને તેમાંએ પછી અનેક ભેદો પ્રવર્ત્યા છે. બાકી યજ્ઞ સૂત્ર અને શિખાના અંગીકાર સંસ્કારથી તે એના ત્યાગ પર્યંતના આયુષ્યના માત્ર ત્રણજ ભેદને લઇ યથા **ત્ર્યાયુષં जम- दग्नेः कश्यपस्य त्र्यायुषं तन्नो अस्तु त्र्यायुषम् ॥** આશ્રમના પણ વાસ્તવિક ત્રણજ ભેદ હોઇ શકે છે અને તેથીજ સન્યસ્તાશ્રમને અત્યાશ્રમ જેવી સંજ્ઞાપણ અપાઇ છે આ અત્યાશ્રમમાં ઉપનયન સંસ્કાર પૂર્વેનું બાળક અને શિખા સૂત્રના ત્યાગથી થતો સન્યાસી બન્ને સમાય છે અને તેથી આશ્રમની પણ પંચધા ગણના કરવી હોય તો થઇ શકે એમ છે જેવી રીતે

અનાશ્રમ, બ્રહ્મચર્ય, ગાર્હસ્થ, વાનપ્રસ્થ, અને અત્યાશ્રમ.

[illegible] ત્રયિનો ભેદ મેં સમજાવ્યો છે પ્રકૃત્તિનો ન્હાના વા મ્હોટા સર્વ [illegible] નર્વાંશ સંપૂર્ણ રહેવાનો અચળ સ્વભાવ મેં જણાવ્યો છે. [illegible] મહાકનો ન્યાય આથી સાર્થક થતો મેં બતાવ્યો છે. હવે [illegible] અંગે લાગેલાં આ વર્ણ પિંડમાં છે કે કેમ અને ઉપરોક્ત [illegible] ના ધર્મ લક્ષણથી યુક્ત છે કે કેમ એટલું જોવાનું [illegible] પછી આ લેખ એની મેળે સમાપ્ત થાય છે.

વિરાટ ભગવાનના અંગમાં ચાતુર્વર્ણની સ્થિતિ બતાવનારી શ્રુતિ લાક્ષણિક છે કારણ કે બીજી શ્રુતિથી એનો પ્રત્યક્ષ વિરોધ છે વળી બ્રહ્માંડના સર્વ પ્રાણીને હાથ પગાદિ અવયવો વા સર્વ ઇન્દ્રિયો એક સરખાં હોતા નથી કેથે એનો સર્વથા લોપ પણ છે તેમજ કેથે ન્યૂનાધિક પણ છે તેથી ઉપાંગોને બાદ કરી પ્રાણીમાત્રમાં મેરૂદંડથી મપાતા, એક સરખા સમાન રહેતા, પ્રતિષ્ઠા મુગાધારથી માંડી મસ્તક પર્યંતના મેરૂદંડથી મપાતા અંગ પિંડમાંજ મુખ, બાહુ ઉરૂ અને પાદની લક્ષણા કરવી જોઇએ એમ કરતાં ચાતુર્વર્ણની ભૂમકા રૂપ ચાર પ્રદેશ નીચે પ્રમાણે અંગ પિંડમાં કલ્પી શકાય ૧ શિરોદેશ અથવા મુખમૂળ. ૨ વક્ષપ્રદેશ અથવા બાહુ મૂળ ૩ ઉર્ધ્વન ભ એટલે કટિ પ્રદેશ અથવા ઉરૂમુળ અને ૪ અધોનાભિ એટલે અંત્ર પ્રદેશ અથવા પાદમૂળ પ્રસ્તુત ત્રીજા તથા ચોથા અંગ વિશેષોનાં મૂળ ઉપરોક્ત પ્રદેશોમાંજ અંકાયા છે અને ત્યાંથીજ અંકારાય છે એ શારીરયોગને જાણનારાઓને જણાવવું રહેતું નથી વળી પ્રકૃત્તિના ત્રણુ ગુણોજ દેશકાળથી ગુણાઇ ૧ સત્વ (આકાશ) ૨ સત્વાભિમુખ રજ (વાયુ) ૩ રજ (અગ્નિ) ૪ તમોભિમુખ રજ (જળ) ૫ તમ (પૃથ્વિ) એમ પંચભૂતરૂપે પરિણામે છે તથા એ પંચભૂતેજિ આધ્યાત્મિક પક્ષે પિંડના ૧ મસ્તક ૨ હૃદય ૩ જઠર ૪ ઉપસ્થ અને ૫ પાયુમાં રહે છે એ જણાવવાની પણ જરૂર નથી. હવે વિષય સ્પષ્ટ થાય છે પિંડનું ઉત્તમાંગ મસ્તક છે. મસ્તિષ્ક તેમાં રહે છે. મસ્તિષ્ક બુદ્ધિનું સ્થળ છે બુદ્ધ અને મેધાતત્વ એક છે. વિરાટ પુરૂષના ઉત્તમાંગમાં વસતા બ્રાહ્મણો બુદ્ધ સંપન્ન છે બુદ્ધના ઉપાસક છે **शिरो मेधाथि नाम सुपठितम्** પિંડનુ મસ્તક ધર્મ સાથે વિરાટના મુખરૂપ, સમાજ ગુરૂ બ્રાહ્મણ ધર્મનું

સ્વરૂપ સાદ્રશ્ય છે એ તુરત દેખાશે. આખા શરીરના બે ભાગ થાય છે. ધડ અને મસ્તક. ધડ એ રાષ્ટ્ર છે. મસ્તક એનાથી થોડો ભેદ કરી ઉપર રહ્યું છે. હવે શુભ્રવસ્ત્ર પરિધાન કરનાર સમાજથી કંઈક અલગ રહેનાર અધ્યયન રત, તપોધન, અક્ષસૂત્ર, કમંડલું અને દર્ભમાત્રમાંજ પરિગ્રહશીળ, બ્રહ્મચિંતક શુધ્ધાચારી સૂર્ય ગાયત્રિના (પ્રભા અને પ્રાણ) ઉપાસક, ગુરૂ, વાગ્શસ્ત્ર ધર **वाकशस्त्र वै ब्राह्मणस्य** ધડથી રાષ્ટ્રથી અલગ છતાં **सर्वदेवमया विप्राः** સર્વ દેવમય, સર્વ ઇંદ્રિયમય થઇ **वेदखड्ग धरोद्विजः** જ્ઞાન ખડ્ગથી અજ્ઞાનને ભેદતું તેજોમય **तेजो वै ब्राह्मणः** કેશકુશથી આચ્છાદિત. કમંડલુ આકારના કપાલાસ્થિમાં સ્થિર થઇ, ઉગ્રવ્રૃત્તિ પર નિગ્રહ કરતા, સર્વ સમાચાર વાહિની નાડિઓના સૂત્રને વ્યત્યસ્ત વિંટી પંચાશત **अक्ष** માતૃકાઓને જપતું, મંત્રવાણીધર, બ્રહ્મદ્વારને સ્પર્શી રહેલા ભસ્મગૌર–મસ્તિષ્કને વિરાટના સમાજના ગુરૂ બ્રાહ્મણ ધર્મ સાથે સરખાવો. તેમજ રક્ત વસ્ત્ર પરિધાન કરી પ્રજાને મોખરે રહી, છત્રદંડ ધારી ધર્મ ન્યાય અને અભય સ્થાપવાના ધર્મવાળા બ્રાહ્મણ પૂજક, રાષ્ટ્રપતિ, બળધન ક્ષત્રિને બાહુપ્રદેશમાં રહેતા રક્તાશય હૃદય સાથે સરખાવો. પીતવસ્ત્ર પરિધાન કરી પ્રજાના કેન્દ્રમાં રહેતા તુલાધર, રાષ્ટ્ર સહાયક, વાણિજ્ય રત શુદ્ધ પ્રીતિપાલક, દ્રવ્યધન વૈશ્ય ને ઉર્ધ્વ નાભિ પ્રદેશમાં રહેતા યકૃત જઠર અને પ્લીહાના એકત્ર ધર્મ સાથે સરખાવો, કૃષ્ણ વસ્ત્ર પરિધાન કરી સમાજને છેડે રહી દ્વિજાજ્ઞા વહન કરતા શ્રવણ ધર્મી પ્રારબ્ધ ભોગી, સેવાધન શૂદ્રના ધર્મને સર્વ અર્થમાં અધોનાભિ પ્રદેશમાં પ્રતિષ્ઠારૂપે રહેતા પકવાશયના ધર્મ સાથે સરખાવો. વર્ણાશ્રમ વ્યવસ્થા નિરાધાર છે. કપોલ કલ્પિત છે, આચા-

પૈસાના રૂપિઆના મગજના ફાંકા છે, એવું કહેવાનું દુર્ભાગ્ય તમારે વરશે નહિ. આગળ કહ્યું છે કે **આત્મા વા દેહ ઉભયને જાતિ નથી** દેહાત્મ બોધ વિશિષ્ટ જીવ ભાવને જાતિ વર્ણના બંધન છે છતાં વર્ણને કેવળ સ્થૂળ દેહના નિર્વાહ સાધન પદાર્થોના રંગ સાથે **ઘટા**-વવું એ પણ યુક્ત નથી સૂક્ષ્મ દેહના વર્ણ વૈચિત્ર્યને લઈનેજ, વાસના વૈચિત્ર્યને લઈનેજ જાતિ ભિન્નતા થઇ છે. જે ગુણ કર્મના ભેદે જાતિ ભેદ થયો છે તે ગુણ કર્મ તે ઇચ્છા ક્રિયા અનાદિ છે અને જીવ જગતના અંતિમ ધ્યેયરૂપ બ્રહ્મ પ્રાપ્તિમાં અત્યંત સહાયક છે. જાતિ ભેદ એ ભૂમિકા ભેદ બતાવનાર અથવા અધિકાર ભેદ બતાવનાર ચિન્હ છે. નિરતિશય સુખની પ્રાપ્તિમાં સાધન કાલાવધિ એટલે સાધના માર્ગમાં જાતિ, શુદ્ધિ, શૌચાચાર, અધિકાર બળ વિગેરેની કેટલી બધી આવશ્યકતા છે તે તે માર્ગના અનુયાયિઓજ પ્રવેશાધિકારીઓજ જાણી શકે છે. જાતિભેદ કિંવા અધિકાર ભેદમાંજ સાયુજ્ય સારૂપ્ય સામીપ્ય અને સાલોક્યાદિ ચતુર્વિધ મુક્તિ પર્યંતનું રહસ્ય સમાયું છે. સર્વ શાસ્ત્રની પ્રવૃત્તિ આખા જગતનું ધ્યેય. આત્મ લાભમાંજ છે. મોહાન્ધકારમાંથી જાગૃત થઇ આત્મલાભની શુદ્ધ સાત્વિકી ઇચ્છાથી જેઓ સંસ્કૃત છે તેઓજ દ્વિજ કહેવાય છે. શૌચાચાર સંસ્કાર શુદ્ધિ અને વ્રતના પાલનમાં ઉત્તરોત્તર દ્રઢતાના ભેદે પ્રવેશ પરિવર્તન અને પ્રાપ્તિ પર્યંતનો અર્થ એમાં સમાવ્યો છે. પરિશ્રમથી પરાભવ પામી સાધન માર્ગમાંથી ઉત્પથ થનારા, ભ્રષ્ટ થનારા, પતિત થનારા શુદ્ર નામાધિકારી થાય છે. એ આગળ કહ્યું છે તથાપિ પતિતાવસ્થાથી વળી ખિન્ન થઇ મોહ નિવારી **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्नि बोधत** સમજી **સ્થિરતાથી** વિદ્વાનનો સમાગમ સુશ્રુષા કરી ઉત્તરા-ધિકારની વાસના કરે છે એવો પ્રવેશાધિકાર જીવ વૈશ્યપદને પામે છે

પ્રવેશાર્થક **વિશ** ધાતુ પરથી વૈશ્ય શબ્દ નિષ્પન્ન થયો છે.

સ્વલ્પ પણ જીવભાવ રહેવાથી આત્મલાભમાં ક્ષતિ છે. સ્વલ્પ પણ પ્રાણ બંધન રહેતાં મહાપ્રાણનું સર્વ શ્રેષ્ટ સુખ પ્રાપ્ત થતું નથી એવું સમજી ક્ષતિ માત્રને તોડી મહાપ્રાણમાં યાહોમ કરી ઝંપલાવનારા ઉત્તમ સાધક ક્ષત્રિય છે. કિંવા બ્રાહ્મણોની ક્ષતિને ન્યૂનતાને પૂર્ણ કરી બ્રહ્મ પ્રાપ્તિનો તેઓનો માર્ગ મોકળો કરી આપવામા સ્વાત્માર્પણ કરવાના **વીર્ય**વાળો જીવ ક્ષત્રિય નામને યોગ્ય છે. ક્ષતનું ત્રાણ કરવા તે ક્ષત્રિય થઇ જન્મે છે. પરિવર્તન એની ભૂમિકા છે અને પ્રાપ્તિની ભૂમિકાપર આરૂઢ થયલો આત્મલાભથી કૃતકૃત્ય થયલો બુદ્ધિ સંપન્ન ધીર તે બ્રાહ્મણ છે. આ વિષય હજીપણ વિસ્તારપુર્વક લખી શકાય પરંતુ વિચારકો આટલામાંથી પૂરતું ગ્રહણ કરી શકશે છતાં બ્રહ્મ શબ્દાર્થમાં એક બીજું પણ દર્શન રહ્યું છે જે સૂક્ષ્મમાં પણ અહીં વ્યક્ત કર્યા સિવાય આ લેખની પૂર્ણતા મનાતી નથી. કેટલેક સ્થળે "બ્રહ્મ" યજ્ઞના અર્થમાં યોજાયું છે જ્યારે અન્ય સ્થળે એ પદ અન્ન અર્થમાં પણ યોજાયું છે. બન્નેમાં ક્રિયાની વ્યાપકતા ઘોષે છે. અન્ન પદે લઇએ તો અરણ્ય ક્ષેત્રાદિમાં શદ્રરૂપે ઉત્પન્ન થયલું **जन्मना जायते शुद्रः** અન્નબ્રહ્મ જીહ્વા અને યકૃતાદિમાં રહેલા પિત્તાદિ રસે યુક્ત થઇ સંસ્કારથી દ્વિજત્વ પામી હવ્યકવ્યરૂપે જઠરાનલમાં સારી રીતે હોમાઇ બળરૂપે પરિણામી આત્મ લાભ માટે પ્રવેશાધિકારી (વૈશ્ય) થઇ શકે છે. આહારવિહારની શરીર સામર્થ્યની સપ્રમાણ તુલા ઉદરસ્થ યકૃત અને પ્લીહાની બની છે માપ કરતાં વધારે આહાર વિહારથી એ પલ્લાંઓ ઉંચા નીચા થઇ જાય છે રાષ્ટ્રના બળને માપતુ

તથા પોષતું પીત વસનધારી યકૃત કોષાધ્યક્ષ વૈશ્ય છે. એ ધ્યેય છે, એ દેય છે. બહારના પણ્યની કિંમત આંકી તેની વર્ગવારી કરી ગ્રાહકોની યોગ્યતા પ્રમાણે સર્વને મળે એવી વ્યવસ્થાથી વાણિજ્ય વ્યવહાર કરનાર સમાનવાયુ પણ અહીંજ રહે છે. રાષ્ટ્રને જોઇતી સામગ્રી એ પૂરી પાડે છે. બાહુ પ્રદેશમાં રહેલું હૃદય ક્ષત્રિય સ્થાને છે. રાષ્ટ્રનું ક્ષેત્રનું એ અધિકારી છે. પ્રજાનો પ્રાણ એમાં અધિષ્ઠાન કરી રહ્યો છે. શૌર્ય દયા પાલન એના મુખ્ય ગુણ છે. પરમાત્મ પુરૂષ અહીં અંગુષ્ઠરૂપે રહે છે. વિષ્ણુનું શયન સ્થાન ક્ષીર સાગર અહીંજ છે. લક્ષ્મીનું ભુવન એજ છે. નિગુઢ કોષ એજ છે. અન્નાદિક ભુકત પદાર્થ યકૃતાદિ રસથી પ્રવેશાધિકારી થયા પછી રાષ્ટ્રની ક્ષતિ પુરવા અહીં આવતાં ક્ષીરરૂપે પરિવર્તન પામે છે અને હૃદય કોષમાં પ્રવેશી તેના રંગથી અનુરંકત થાય છે પ્રવેશના અધિકારને પામેલું અન્નબ્રહ્મ અંહી સમ્યક્ પ્રવિષ્ટ થઇ વિષ્ણુપદને પ્રાપ્ત થાય છે. રાષ્ટ્રનું રક્ષકબળ અહીં સૃજાય છે. અહીં એનો પુનઃ સસ્કાર થયો હોય છે. સંસ્કારથી દ્વિજત્વને પ્રાપ્ત થયલું વૈશ્યઅન્ન અહીં બેવડા દ્વિજત્વને પામે છે અને તેથી વૈશ્યના દ્વિજત્વથી ક્ષત્રિયનું દ્વિજત્વ દ્વિગુણ સંસ્કારથી સિદ્ધ થાય છે. વૈશ્યથી ક્ષત્રિયનું સ્થાન આટલા માટે ઉંચું છે. આ ક્ષત્રિ–આ પાલક શકિત વિષ્ણુ સર્વ રસના સારને પોતાના તેજને તત્વના તત્વને અતિ સાત્વિક ભાવે ઉર્ધ્વ માર્ગે બુદ્ધિના–બ્રાહ્મણના પોષણ માટે મસ્તકને પહોંચાડે છે. બ્રાહ્મણને સર્વથી અતિ વિશુદ્ધ ભાગ આપી પ્રસન્ન રાખે છે. અને તે માર્ગે બ્રહ્મ દર્શનના આનંદનો લાભ લે છે. રાષ્ટ્રનું સર્વસ્વ ક્ષત્રિય છે. ગો (ઇંદ્રિયો) બ્રાહ્મણ (બુદ્ધિ સત્વ) નું પ્રતિપાલન એ કરે છે. અરાજક રાજ્ય રહી શકતું

નથી. હૃદયના અંત સાથે રાષ્ટ્રનો અંત આવે છે. બાહુલ્યયુક્ત પ્રણુવધનુ એનું શસ્ત્ર છે. એ રક્ત વસનધારી પ્રજાની ક્ષતિને પૂરે છે. પ્રજાનું ક્ષતિમાંથી ત્રાણ કરે છે. પ્રજાની શુદ્ધિ કરવાનો શાસન દંડ એના હાથમાં છે ભુક્ત દ્રવ્યના રસમાં રહી ગયલા દોષનો પરિષ્કાર એ કરે છે. આ ત્રણે અંગો મસ્તિષ્ક, હૃદય અને યકૃત અન્ય શબ્દોમાં બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય, રાષ્ટ્રના વા દેહના અનુક્રમે મંત્રિ અધિપતિ અને કોષાધ્યક્ષને સ્થાને છે છે. અને એ સર્વ ઉત્તરોત્તર પરિષ્કૃત રસપાનાદિના ભોકતા છે અને તે અર્થમાં દ્વિજ છે. સર્વ શ્રેષ્ટ બ્રાહ્મણ મસ્તિષ્ક સારના પણ સારરૂપ રસનું ભોકતા છે. અનેક રાષ્ટ્રોને ઉત્પન્ન કરવાનું–વાસનાનુ–સંકલ્પનું મંત્ર બળ એમાં છે. આહાર શુદ્ધમાં અને ભોગ પરિસ્કારમાં ત્રણે વર્ણોનું દ્વિજત્વ રહ્યું છે અને ઉત્તરોત્તર એકેથી શ્રેષ્ટ છે. જે રાષ્ટ્રમાં મંત્રીરૂપે બુદ્ધ વા બ્રાહ્મણ, અધિપતિ રુપે શૌર્યવીર્ય વા ક્ષત્રિય અને કોષાધ્યક્ષ રૂપે સ્થૈર્ય પ્રમાવા વૈશ્ય છે તે રાષ્ટ્ર હમેશા સ્વસત્તાથી બલિષ્ટ રહે છે, મેં કહ્યું છે શુદ્ર નામે કોઇ સ્વતંત્ર વર્ણ હોવા ઘટતી નથી માત્ર ઉપરોક્ત વર્ણ ત્રય પૈકી જે સ્વધર્મથી ચ્યુત થાય છે તે સર્વે પતિત થાય છે અ ... પામે છે. કૃષ્ણ વર્ણ ધારણ કરે છે અને દ્વિજની પરિચર્યા કરે છે. કાર્ય પ્રસંગે અને રાષ્ટ્રની જરૂરીયાતે બ્રાહ્મણ મંત્રીની સલાહથી રાષ્ટ્રાધિપતિ આ પતિત જાતિ પૈકી શુભેચ્છાવાળાને અને પશ્ચાતાપથી તપ્ત થયલાને સંસ્કારથી પરિષ્કૃત કરી તેની મૂળ જાતિમાં મુકી શકે છે. જ્યારે જ્યારે પતિત જાતિનું બળ વધી જાય છે ત્યારે ત્યારેજ માત્ર આ પરિષ્કૃતિનો ઉપદેશ અને વા મંત્રી તેમજ રાષ્ટ્રાધિપતિ યોગ્ય વિચારે છે પતિતોના બળનું લક્ષ ન રાખનારૂં રાષ્ટ્ર

થોડા કાળમાં ગબડે છે.

લેખ અહીં પૂર્ણ થાય છે શૌચાચાર, સ્પૃશ્યાસ્પૃશ્યતા, શુદ્રબળાધિકાર તેમજ વર્ણાશ્રમ વ્યવસ્થા સંબંધી કેટલાક મહત્વના વિચારો અને ઝીણા પ્રશ્નો વિચારકો આમાંથી સમજશે. ભાર દઇ અહીં માત્ર એટલુંજ જણાવીશ કે વર્ણ જાતિના વિચાર સ્થૂળ નથી જે સ્થૂળ દેખાય છે તે એના શાખા પલ્લવ છે. એનું થડ સૂક્ષ્મમાં છે, એનું મૂળ કારણમાં છે. શાખા પલ્લવને ખાંડવાથી એનો નાશ થશે નહિ. સ્પૃશ્યા સ્પૃશ્યના વિચારમાં જેને જે દુ:ખભાન નહોતું તે યુરોપીય મદની નીશામાં સુધારકોએ ઉત્પન્ન કીધું છે. શુદ્ધાચાર સદાચાર વર્ણ જાતના સૂક્ષ્મ વિચારો સર્વત્ર છે વ્યાપક છે. જ્ઞાન વિતાનની ભૂમિકા જેમ જેમ વિશાળ થતી જાય છે તેમ તેમ આ પ્રશ્નો બારીક થતા જાય છે. સાધનાનો પંથ વિકટ છે. સાંકડો છે. એના બન્ને દ્વાર અતિ વિસ્તૃત છે પરંતુ સાધના જાતે અતિ સાંકડી છે સિદ્ધોનો ધર્મ સાધકોને વા સાધકોનો ધર્મ સિદ્ધોને છાજતો નથી. આર્યાવર્તે આર્યાવર્તના તત્વજ્ઞોએ કેવળ વર્ણજાતિના નહિ પણ એથી પણ મહત્વના પ્રજ્ઞાન પર્યંતના વિચારો કર્યા છે સિદ્ધાન્તો માણ્યા છે, જગત સદાય સજાતીય વિજાતીય અને સ્વગત ભેદવાળું રહેશેજ. અને વધી જતા આડમ્બરનું વર્ગીકરણ અને વ્યવસ્થા કર્યા વિના છુટકો નથી. જ્યાં સમય અને કાર્ય પરત્વે એકજ વ્યક્તિને પોતાના જમણા હાથથી ડાબા હાથનો સ્પર્શ કરવામાં પણ ક્ષોભ થાય છે. જ્યાં ડાબા હાથથી ઉત્તમાંગને અને જમણા હાથથી નિમ્નાંગને સ્પર્શ કરવામાં પણ દોષ મનાયો છે. ત્યાં વર્ણાશ્રમના ભેદને સમૂળ ઉખેડવાનો પ્રયત્ન મિથ્યા છે. વ્યર્થ છે. એટલુંજ નહિ પણ કાળ અને

બળનો ફોકટ વ્યય કરતા છે, ઐકયને સ્થાને ઐકય કરવું ઘટે છે. સ્થૂળ ઐકય કરવું યોગ્ય નથી બાહ્યાચારની એકતા કરતાં વિચારની સૂક્ષ્મની એકતા વિશેષ બળવાન અને રાષ્ટ્રને ઉપયોગી છે. બાકી **આપણું રાષ્ટ્ર તો આપણું જ છે. કોઇનું થયું નથી થવાનું નથી.** જગત (નામરૂપ) છે ત્યાં સુધી બાહ્ય ધર્મની એકતા સંભવતીજ નથી.

આશ્રમ ધર્મ સંબંધી ઉપયુકત વિચારો આ લેખમાં સૂક્ષ્મ પણે સમજ્યા છે. એમ છતાં લેખના શિરો નામને સાર્થક કરવા થોડી સ્પષ્ટતા કરવાની જરૂર જણાય છે વર્ણત્રયિની માફક આશ્રમ ત્રયિ પણ કેવળ સાધનપક્ષનીજ ભૂમિકા છે કિન્તુ વર્ણમાં પરમ આયુષ, જન્માંતર, કલ્પ પ્રમાણુ આદિના હિસાબ છે જ્યારે આશ્રમમાં એકજ જન્મનો હિસાબ છે. કાળમાં પણ સમષ્ટિ કાળ અને વ્યષ્ટિ કાળ એવો ભેદ છે. પુરાણાચાર્યોએ મનુષ્યના સંપૂર્ણ આયુષ્યને બ્રહ્માના એક અહોરાત્ર રૂપે, બ્રહ્માના આયુષ્યને વિષ્ણુના અહોરાત્ર રૂપે અને વિષ્ણુના સંપૂર્ણ આયુષ્યને શંકરના એક અહોરાત્રરૂપે જણાવી કાળ ભેદનો નિર્ણય બહુ રસિક અને માર્મિક રીતે બતાવ્યો છે.

કાળ અખંડ છે કાળ બ્રહ્મ છે. પરંતુ એના પણ સ્વરૂપ બે છે. પ્રકૃતિના શુકલ અને કૃષ્ણ એના બે સ્વરૂપ આ લેખના ગર્ભમાં સમજાવ્યાં છે કાળના બે સ્વરૂપ પણ એવાંજ છે. કાળના ન્હાનામાં ન્હાના ખંડમાં પણ વસ્તુની ઉત્પત્તિ સ્થિતિ અને લય સમાયાં છે. ઉત્પત્તિ પ્રથમનો અને લય પછીનો કાળ અદશ્ય છે. ઉત્પત્તિ પછીનો અને લય પહેલાંનો કાળ દશ્ય છે. આમ અવ્યકત અને વ્યકત એવાં

એનાં પણ બે સ્વરૂપ થાય છે. વ્યક્ત કાળની પ્રથમ ભૂમિકા ઇચ્છા ને સ્વયંભૂપણાનું જે થોડું ગૌરવ મળ્યું છે તે કાળના અદશ્ય રૂપને લઇને છે. ઉત્પત્તિનું કારણ અંધારામાં હોય એટલે ક્યાંથી અને શાથી ઉત્પન્ન થયું એ જાણવાનું સાધન ન હોય એટલે આપણે એને સ્વયંભૂ કહીએ બાકી વાસ્તવિક સ્વયંભૂપણું જ્ઞાનનું છે. જે સદા સર્વદા એક સરખું અદશ્ય રીતે ચમકી ઉઠે છે. આર્ય ધર્મમાં ત્રિમુર્તિ દેવની કલ્પના એ પ્રકૃતિની ઇચ્છા ક્રિયા અને જ્ઞાન રૂપ શક્તિનાં સ્વરૂપને આધારે છે. અહીં જ્ઞાન એજ શંકર છે અને સ્વયંભૂ છે એમ સિદ્ધ કર્યું છે. છતાં અનાદિ ઇચ્છાની ઉત્પત્તિ કાળના, લયના, જ્ઞાનના, શંકરના અવ્યક્ત આગારમાંથી નીકળી છે એટલે તેને કેવળ ઇશ્વરેચ્છા કહી ત્યાર પછીની સર્વ ઇચ્છાને વાસનાગત એટલે વિષ્ણુના નાભિ કમળમાંથી ઉત્પન્ન થતી બતાવી છે. આગળ કહ્યું છે કે અપકવાવસ્થાથી માંડી પકવાવસ્થા પર્યંતના કાળને સાધના કાળ અને માર્ગને સાધના માર્ગ કહેવામાં આવે છે. સર્વ વર્ણ, સર્વ આશ્રમ, સર્વ ધર્માચરણ આ સાધના પથ અને સાધના કાળમાંજ સમાયાં છે. ઉભય પકવ અને અપકવ, પુષ્પ્ત અને અપુષ્પ્ત, સિદ્ધ અને અસિધ્ધ દશામાં કોઇપણ ધર્મા-ધર્મ નથી. વળી વર્ણાશ્રમ ધર્મ દ્વિજોને માટેજ બતાવ્યો છે એટલે અનાશ્રમ (ઉપનયન સંસ્કાર પૂર્વનો) અને અત્યાશ્રમ (શિખા સૂત્રના ત્યાગ પછીનો જીવનકાળ) એ ઉભયને બાદ કરી બાકી રહેલા જીવન કાળને ત્રણ ભાગોમાં વહેંચતાં, બ્રહ્મચર્ય ગાર્હસ્થ્ય અને વાનપ્રસ્થરૂપ આશ્રમ ધર્મનુંજ તે તે કાળે સ્વભાવિક રીતે અવલંબન થતું જણાશે. સૂક્ષ્મ જળ તત્વમાંથી અદશ્ય રૂપે અનુકુળ ક્ષેત્રમાં ફુટી નીકળતી નદી પોતાના મૂળ (મૂળાધાર) થી માંડી મહાજળની પ્રાપ્તિ (મુખ-

દ્વારબ્રહ્મ-દ્વાર) પર્યંતના પોતાના સાધન પથમાં, સાધન કાળમાં જે ધર્મોને પ્રાપ્ત થાય છે તેજ ધર્મો સતત વહેતા દેહને અંગે મુમુક્ષુ જીવને પ્રાપ્ત થાય છે. શાસ્ત્રાચાર્યોએ ઉપનયનવ્રતથી માંડી પ્રવહન કાળ, એટલે પોતાની મેળે આચાર ધર્મને સેવવા યોગ્ય વય પ્રાપ્ત થતાં સમુદ્રના કાંઠા જેવી વિજ્ઞાનની દરણુ ભૂમિ પર વૈરાગ્યને પામવા પર્યંતના કાળમાં પ્રવેશ, પ્રયત્ન અને પ્રાપ્તિ માર્ગે શ્રવણુ મનન અને નિદિધ્યાસની આશ્રમ ભૂમિકા ઉપજાવી છે. શરીર મન અને પ્રાણુ, ઇચ્છા ક્રિયા અને જ્ઞાન, મંત્ર અર્થ અને સિંધ્ધ, ભાવના વેગ અને સ્થિતિ, વૃદ્ધિ ઉત્પાદન અને હ્રાસ આ ત્રણ ખળાંના કુદરતી ધર્મો આશ્રમના ધર્મમાં જોડાયાં છે. સાર એ રહ્યો છે કે એક આશ્રમના ધર્મમાં બીજા આશ્રમ ધર્મની આપત્તિ થવાથી ઉભય આશ્રમનો અર્થ નષ્ટ થાય છે. દાખલા તરીકે વૃદ્ધ વધવું એ અર્થમાં બ્રહ્મચર્યનો અર્થ વૃધ્ધિકાળ એમાં જો ઉત્પાદન કાળ અથવા ઉત્પાદન ધર્મ કિંવા એ ધર્મની ચેષ્ટા પ્રાપ્ત થાય તો બન્ને ધર્મ નષ્ટ થઇ તૃતીય હ્રાસ ધર્મ જલ્દી પ્રાપ્ત થાય છે. આશ્રમ ધર્મમાં જે રહસ્ય છે તે એટલુંજ કે એક આશ્રમમાં અકાળે બીજા આશ્રમની સંક્રાન્તિ થાય એ ઇષ્ટ નથી. શરીર વિકાસ પૂર્વે મનનો વિકાસ માત્ર તરંગશીળ બનાવે છે. ઇચ્છા અથવા સંકલ્પ વિનાની ક્રિયા જ્ઞાનોત્પાદક નથી. શ્રવણુ વિનાનું મનન સુકાન વિનાનાં વહાણુ જેવું થાય છે. મંત્રરચનાનો અર્થાદેશ અજ-પ્ય હોવાથી સિદ્ધિદાયક નથી. બ્રહ્મચર્યમાં શરીર અને વાણી. (વિદ્યા)ની પુષ્ટિ, ગાર્હસ્થમાં મન અને અર્થની પુષ્ટિ, વાનપ્રસ્થમાં બુદ્ધિ અને નિશ્ચયની પુષ્ટિરૂપ ત્રીજા ધર્મને પ્રાપ્ત કરાવનાર થાય છે. આમ વાનપ્રસ્થ આશ્રમમાં આ ઉભય પૂર્વાશ્રમમાં પ્રાપ્ત કરેલા પદાર્થનો સમ્યક ભોગ

કરી સંપૂર્ણ ત્યાગની (સન્યસ્તની) યોગ્યતા પ્રાપ્ત કરવાનો શ્રમ સમાયો છે. ઉભય પૂર્વાશ્રમમાં પ્રાપ્ત કરેલા પદાર્થના વન્ય (વન્ પૂજવું પ્રાર્થના કરવા એ અર્થમાં રમણીય, સુંદર. પૂજય સાર. તત્વ) ભાગનો નિશ્ચય કરી, વિવેકી, વણી કહાડી, તેના સામીપ્યની ભૂમિકા સૃજવી, તે માટે પ્રસ્થાન કરવું એ છે. આમ બ્રહ્મચર્યાશ્રમમાં અત્રતત્રથી જેની પાસે વધારે છે તેવા ગુરૂથી ચૂંટી વેડી અર્જન કરવું વધારવું એ ધર્મ સમાયો છે. ગાર્હથ્યામાં, પૂર્વાશ્રમમા વેડેલા ચૂંટેલા અર્જન કરેલા પદાર્થનો સંગ્રહ કરવો એકત્ર કરવું એ ધર્મ સમાયો છે જ્યારે વાનપ્રસ્થાશ્રમમાં દ્વિતીયાશ્રમમાં એકત્ર કરેલા પદાર્થમાંથી વન્ય વન્ય વિવેકી તેનો નિશ્ચય કરી તેનઃ સાન્નિધ્યની ભૂમિકામાં તેના વડે આત્મ પ્રબોધ કરવો એ ધર્મ સમાયો છે. સન્યસ્તાશ્રમ એ આશ્રમ નથી અને તેથી એને અંગે કોઇ વિશેષ ધર્મ હોવા ઘટતો નથી. કેવળ મૃત્યુ કિંવા મહામૃત્યુ, મરણ કિંવા નિર્વાણની સર્વથા અપેક્ષાનો ધર્મજ એનો છે એમ આગળ કહ્યું છે. એટલે અહીં વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. સંક્ષિપ્ત છતાં સંપૂર્ણ રીતે આશ્રમ ધર્મમાં રહેલું રહસ્ય અંહી બતાવવા પ્રયત્ન કર્યો છે. વિચારકો પોતપોતાની યોગ્યતા અને જરૂર પ્રમાણે સાહ્ય સાહ્ય એમાંથી લેશે. લેખ લખવાનો ઉદ્દેશ વર્ણાશ્રમ ધર્મ તેમજ સ્પૃસ્યા સ્પૃશ્ય સંબંધી ઉપજતી શંકાઓનું નિરસન કરવા પૂરતોજ હતો. એ ધર્મોનું પ્રતિપાલન કરવાનો ઉપદેશ કરવાનો ધર્મ મ્હારો નથી. વાંચકોને એ વિષય સંબંધી કાંઇ શંકા ન રહે એટલે આ લેખની સાર્થકતા મનારી ઇત્યલમ્.

વાંસદા તા. ૨૪-૪-૧૯૨૫ રામચંદ્ર અધ્વર્યુ.

વિનિમય અને સાધના-માસિકની ઉત્તમતા એ છે.

૧ આ માસિક મનુષ્ય જીવનને ઉપયોગી કલ્યાણકારક એવા આલોક અને પરલોકના વિષયોને ચર્ચી ધર્મ ઝઘડાનું નિરાકરણ કરતા સિદ્ધાન્તો બોધે છે.

૨ મનુષ્ય શરીરને સુઘટિત રાખી અકાળે આવતા જરા (વૃદ્ધાવસ્થા) મરણને દૂર કરવાના સિધા સરળ માર્ગ બોધે છે.

૩ મનોનિગ્રહ અને બુદ્ધિના વિકાશના માર્ગો આ માસિકમાં અંકાય છે.

૪ બાળકો (વિદ્યાર્થી) ને સર્વદા ધર્મ્યં કેળવણી, નીતિ અને ઉન્નતિના આદર્શ બતાવી બ્રહ્મચર્યાવસ્થામાં કરવા જોઇતાં અને ન કરવા જોઇતાં કર્મોનો સ્વચ્છ સિદ્ધાન્ત આપે છે.

૫ સમાજમાં સ્ત્રીઓનું ઉચિત સ્થાન નિર્દિષ્ટ કરી સ્ત્રીઓને પણ પોતાનો સામાજીક અને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ બોધે છે.

૬ સંસારના તાપથી તપ્ત થયલાને તથા સંસારના સુખમાં રત રહેનાર ક્રમવને ઉચિત અને બંધ બેસતો કલ્યાણનો માર્ગ સૂચવે છે.

૭ સર્વ રીતે મનુષ્ય માત્રને, વૃદ્ધ યુવાન અને કિશોરને, સ્ત્રી પુરૂષ વા બાળકને ઉપયોગી થાય. એવા વિષયો ઉપરાંત સાહિત્યના રસાત્મક અને આનંદ આપનારા લેખો તથા કાવ્ય આ માસિકમાં છલોછલ છે.

૮ નોટેશન (ગીત લીપિ) સાથે ભાવપ્રધાન સંગીત તથા શીષ્ટ કવિઓના ગેય પદો આ માસિકમાં વારવાર આવશે.

૯ ચાલુ વાર્તા અથવા કાવ્ય કે કોઇ ખાસ વિષયપરના વિસ્તૃત ગ્રન્થ સિવાય બધા લેખો-નિબંધો પ્રાયઃ પૂર્ણજ છપાશે.

૧૦ આ માસિકનું વાંચન પ્રત્યેક ગૃહસ્થના ઘરમાં સર્વને સર્વ રીતે અતિ ઉપયોગી થશે. નમુનાના અંક માટે લખો—

વિનિમય નંગ્રાલય. બારડોલી (ટી. વી. રેલ્વે)

શ્રી અનાવિલ બંધુ પ્રી. પ્રેસ બરાનપુરી ભાગળ ભાજીવાળી પોળ-સુરત.

વિનિમય અને સાધના

આ માસિકના નિયમો

માસિકને અંગે નીકળતા ઉપહારો, નિબંધો અને આ ઓફીસથી પ્રકટ થતાં પુસ્તકોની ઓછી કિંમતનો લાભ માત્ર માસિકના ગ્રાહકોનેજ મળશે.

લેખકોએ સ્વચ્છ અક્ષરે-એક બાજુ લખવું.

ઉત્તમ અને વિચારણીય લેખોને અનુકુળતાએ સ્થાન આપવામાં આવશે. પત્ર વ્યવહાર માટે તથા લેખની અસલ નકલ પાછી મેળવવા માટે ટીકીટો બીડવી.

પહેલો અંક પ્રાપ્ત થયા પછી લવાજમ મોકલી નામ નોંધાવવું.

દશ ગ્રાહકો મેળવી આપનારને તથા જે ગામમાંથી દશ ગ્રાહકો થશે તે ગામની લાયબ્રેરીને આ માસિકની એક પ્રત ભેટ આપવામાં આવશે.

સાહિત્ય રસિક, સત્ય શોધક તથા તત્વ પ્રેમી એવા સો સજ્જનોના શિરનામા મોકલનારને ૦-૧૨-૦ની કિંમતનું ઉપયોગી પુસ્તક ભેટ આપવામાં આવશે.

ગરીબ વિદ્યાર્થીઓ માત્ર પાંચ ગ્રાહક અને પચાસ શિરનામાં મોકલશે તો ઉપરના લાભો મેળવી શકશે.

આ લેખકો પૈકી જેના લેખો આ માસિકમાં છપાશે તેને માસિક ઉપરાંત વિશેષ ઉપહાર રૂપે ઉપયોગી ગ્રન્થો ભેટ મળશે.

લવાજમ વાર્ષિક	રૂ. ૩-૮-૦	ટપાલ ખર્ચ માફ
,, છ માસિક	રૂ. ૨-૦-૦	
,, છુટક	રૂ. ૦-૫-૦	

પત્ર વ્યવહારનું શિરનામું — વ્યવસ્થાપક

વિનિમય "ગ્રંથાલય"

બારડોલી. (સુરત.) બી. બી. રેલ્વે.

ડેમી ૮ પેજી ૩૦૦ પૃષ્ઠનું દળદાર પુસ્તક

રાગરાગણી અને ભક્તીના ગાન સાથે ટાગોરના તત્વજ્ઞાનનો અપૂર્વ લાભ. ગૂર્જર સાહિત્યમાં અતિ સ્પૃહણીય ઉમેરો. કવિ, કવિતા, કાવ્ય જેવા મહામૂલ્ય પ્રશ્નોની નિર્ણયભરી પ્રૌઢ પ્રસ્તાવના સાથે. બ્રીટીશ, ગાયકવાડ અને બીજા સંસ્થાનોમાં ઇનામ અને પુસ્તકાલય માટે મંજુર થયું છે. મૂ. માત્ર રૂા. ૩—૦—૦

સંગીતવ્રત મહારાણા કુમારશ્રી પ્રભાતદેવજી સાહેબ સં. ધરમપુર એમણે રચેલ નોટેશન અને રાગતાલની સંપૂર્ણ સમજ સાથે

સંગીત પ્રકાશ (પૃષ્ઠ ૫૦૦)

સંગીતના આજ પર્યંત પ્રસિદ્ધ થયેલા અનેક ગ્રન્થોમાં આ ગ્રન્થ અતિ વિરલ છે. કોઇની પણ મદદ સિવાય એ શાસ્ત્રની ઝીણામાં ઝીણી ગુંચ માત્ર ૭ માસમાં જાણી શકાય છે અને અભ્યાસુ મનુષ્યો આચાર્યોની સ્પર્ધા કરી શકે છે. બાર ઠાઠના સર્વ રાગોની સરળ સમજવાળી સર્વ પ્રકારની ઉસ્તાદી ચીજના નોટેશન સાથે. જુજ નકલો બાકી છે. મૂલ્ય રૂા. ૩—૮—૦

તૈયાર છે !　　　　　　　　　　તૈયાર છે !!

કવિવર ટાગોરનું કવન ગીતાંજલિ અને ફુલચયન

—: રચનાર :—

વિદ્વદ્વર્ય શ્રીયુત રામચંદ્ર અધ્વર્યુ

કળાને આંગણે

લલિત કાવ્ય

રચનાર—કળાધર

અમદાવાદમાં ભરાયેલ કળાપ્રદર્શન અને સમકાલીન ગાયન પરિષદ પ્રસંગનું એક આંતરદૃશ્ય. અલંકાર અને નવ કલ્પનાનો ભંડાર. કઠિણ શબ્દકોષ સાથે. મૂ. ૦-૮-૦

રસ કલ્લોલ

સંગીત વિવરણ સાથે.

રચનાર—પંકજભારતી (છપાય છે)

અવનવા રાગોમાં જ્ઞાન અને ભક્તિના સદ્બોધક પંકજ ભારતી ના અતિ સુંદર એકસો પદો! આ ગ્રન્થ વાંચતાં વાંચતાં રસમાં તરબોળ થઈ જવાય અને સહજાનંદ પ્રાપ્ત થાય છે. મૂ. ૧-૪-૦

પુસ્તકો મળવાનું ઠેકાણું.

“વિનિમય” તંત્રાલય

બારડોલી ટી. વી. રેલ્વે.

સુરત—ખપાટીઆ ચકલાપર આવેલા ધી ન્યુ સમાચાર પ્રીં૰ પ્રેસમાં
મંછુભાઈ રામભાઈ નાયકે પ્રસિદ્ધ કર્તા માટે છાપી